શ્રી જૈનધર્મોજયતી.

श्री जैन तीर्थंकर गुण स्तवनावळी.

१९८३ ભાગ ૧

આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
માસ્તર આશાભાઈ છગનલાલ

અમદાવાદ.
સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. મગનલાલ હઠીસંગે છાપી

સંવત ૧૯૫૫.

કીંમત રૂ ૦—૨—૦

શ્રી જૈનધર્મોજયતી.

શ્રી જૈન તીર્થંકર ગુણ સ્તવનાવળી.

ભાગ ૧

આવૃત્તિ ૧ લી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર બાલાભાઈ છગનલાલ

અમદાવાદ.

રાજનગર પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. મગનલાલ હઠીસંગે છાપી.

સંવત ૧૯૫૫.

કીંમત રૂ ૦—૨—૦

અર્પણપત્રિકા.

મુનીરાજજી શ્રી. શ્રી. શ્રી. ૧૦૦૮ શ્રી
નીતીવીજયજીના ચાલાક શીષ્ય મુની
રાજ સીદ્ધિવીજયજીએ મને અતિ
પ્રેમપુર્વક ધર્મ સંબંધી શિક્ષણ
આપી મારા ઉપર પરમ ઉપ
કાર કીધો છે તેથી તેમના
નામ સ્મરણાર્થે આ લઘુ
પુસ્તક નમ્રતાપુર્વક
હું તેમને અર્પણ
કરૂં છું.

લી.

બાલાભાઈ છગનલાલ.

ઉપોદ્ઘાત.

દોહરો.

સકળ સંઘને હું નમું, સાંભળો સર્વે જન;
ભુલ ચુક સુધારીને, વાંચો સૌ સજજન.

સુજ્ઞજનો! આ પુસ્તકમાં ચતુર્વીંશિ જીનના સ્તવનો, થોયો, ચૈત્યવંદનો, સઝાયો, વગેરે લખેલાં છે. તેની અંદર વાંચક વર્ગે ધ્યાન દેઇ તેમાં મારી અલ્પ બુદ્ધિના દોષથી, અગર હસ્તદોષથી, કાનો, માત્રા, અક્ષર, -હ્રસ્વ, દીર્ઘ વગેરે અધીક ઓછો વધતો લખાણો હોય તો તે સુધારી વાંચવા કૃપા કરશો ને ભુલ ચુક મિચ્છામીદુક્કડં.

અથ ભાવના.

પ્રભુ દરશન સુખ સંપદા,
પ્રભુ દરશન નવ નીધ;
પ્રભુ દરશનથી પામીએ,
સકલ પદારથ સીધ. પ્રભુ૦ ૧
ભાવે જીનવર પુજીએ,
ભાવે દીજે હો દાન;
ભાવે ભાવના ભાવીએ,
ભાવે કેવળજ્ઞાન. પ્રભુ૦ ૨
જીવડા જીનવર પુજીએ,
પુજાનાં ફળ હોય;
રાજ નમે પ્રજા નમે,
આણુ ન લોપે કોય. પ્રભુ૦ ૩
વાડી ચંપો મોરીયો,
સોવન પાંખડીએ,
પાંચે જીનેશ્વર પુજીએ,
પાંચે આંગળીએ. પ્રભુ૦ ૪
મેં જાણ્યું મુક્તે ગયા,

પામ્યા કેવળજ્ઞાન;
ભમી ભમીને હું ભમ્યો,
તો એ ના આવ્યો ઠામ. પ્રભુ૦ ૫
સકઇમાં જીવ સંચર્યો,
સકઇમાં જીવ જાય;
તે જીવની જયણા કરે,
તેને લાગું પાય. પ્રભુ૦ ૬

જગત્રયાધાર કૃપાવતારં,
દુર્વાર સંસાર વિકાર વૈદ્યં;
શ્રી વિતરાગો તુંહી મુગ્તી ભાવ,
વિજ્ઞ પ્રભો વિજ્ઞ પયામી કિંચિત.

અશોક વૃક્ષ સુર પુષ્ટ વૃષ્ટી,
દેવી ધ્વુનીચાય મરમાસનંચ;
મહા મંડલં વીરાજ પત્રં,
સદ પ્રાથીહર જને જીનેશ્વ રંચં.
આબુ અષ્ટાપદ ગીરનાર,
સમેતશીખર શેત્રુંજો સાર;

પંચ તીર્થ ત્યાં ઉત્તમ ઠામ,
સીદ્ધી ગયા તેમને કરૂં પ્રણામ.

પ્રભુ દેખીરે અદભુત તાહરૂ રૂપ,
અચરીજે ભવિકા રૂપી પદ વરો;
તાહરી ગત તું જાણે હો દેવ,
સમરન ભજન કે વાચક જશ કહે.

તું અકલંકી રૂપ સ્વરૂપી,
પરમાનંદ પ્રભુ તું દાઈ;
તું શંકર બ્રહ્મા જગદીશ્વર,
વિતરાગ તું નિરમાઈ. ૧
અનોગમ રૂપ દેખી તુજ રીજે,
સુર નર નારી કેવંદા;
નમો નિરંજન ફણીપતી શોભીત,
પાર્શ્વ ગોડીચા સુખ કંદા. ૨
કાને કુંડળ શીર છત્ર બીરાજે,
અક્ષુ ટીકા નીરધારી;

અષ્ટ બીજોરૂ હાથ સોહે,
તુમ વંદે સૌ નરનારી. ૩
જળ આવી પ્રભુ નાકે અડીઆં,
આસન કંપ્યા નીરધારી;
નાગ નાગણી છત્ર ધરે છે,
જળ વરસાવ્યાં નીરધારી. ૪
રૂપ વિજય કહે સુણો મેરી સાતણી,
એસી શોભા બહુ સારી;
માત પીતા બંધવ સહુ સાથે,
સંજમ લીધાં નિરધારી. ૫

સ્તવન પ્રભાતીયું.

પાસ સંખેસરા સાર કર સેવકાં, દેવકાં એવડી વાર લાગે; કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા માન માગે. પા૦ ૧ પ્રગટ થા પાસજી મેલી પડદા પરો, મોડ અસુરાણને આપ છોડા; મુજ મહીરાણ મં-જુસમાં પેસીને, ખલકના નાથજી બંધ ખો

લે. પા૦ ૨ જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જીનરાજ ઊંઘે, મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દીએ જે જગ કાલ મધે. પા૦ ૩ ભીડ પરી જાદવા જોર લાગી જરા, તતક્ષીણ ત્રીકમે તુજ સંભાર્યો; પ્રગટ પાતાલથી પ્રલકમાં તેં પ્રભુ, ભક્ત જન તેહનો ભય નીવાર્યો. પા૦ ૪ આદી અનાદી અરિહંત તું એક છે, દીન દયાળ છે કુણ દુજો; ઉદયરત્ન કહે અસુરનું શું ગજુ, માન શો રખે મહારાજ જૂઠો. પા. ૫

चैत्यवंदनो.

સકળ કુશળ વલ્લી, પુષ્કરાવર્ત્ત મેઘો;
દુરિત તિમિર ભાનુ, કલ્પ વૃક્ષો પમાનું;
ભવજલ નિધિ પોત, સર્વ સંપત્તિ હેતુ;
સંભવતુ ભવતાંતો, શ્રેયસે શાંતીનાથ.
શ્રેયસે પાર્શ્વનાથ.

૧

શ્રી શેત્રુંજય ચૈત્યવંદન.

વિમળ કેવળ જ્ઞાન કમળા, કલીત ત્રીભુવન હીતકરં; સુરરાજ સંસ્તુત ચરણ પંકજ, નમો આદી જીનેશ્વરં. ૧ વિમળ ગીરી વર શ્રૃંગ મંડણ, પ્રવર ગુણ ગણ ભુદરં, સુર અસુર કીન્નર કોડી સેવીત. નમો. ૨ કરતી નાટક કીન્નરી ગણ ગાય, જીન ગુણ મનહરં, નીર્જરાવળી નમે હરનીશ. નમો. ૩ પુંડરીક ગણપતી સીદ્ધી સાધી, કોડી પણ મુની મનહરં, શ્રી વીમલ ગીરીવર શ્રૃંગ સિદ્ધા. નમો. ૪ નીજ સાધ્ય સાધન સુર મુનીવર કોડી નંત એ ગીરીવરં, મુગતી રમણી વર્યા રંગે. નમો. ૫ પાતાળ નર સુરલોક માંહી વીમળ ગીરીવર તોપરં, નહી અધીક તીરથ તીરથ પતી કહે. નમો. ૬ ઈમ વીમળ ગીરીવર શીખર મંડણ દુઃખ વીહંડણ ધ્યાઈએ, નીજ શુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતીની પાઈએ; જીત મોહ

કોહુ વીછાહુ નીદ્રા પરમ પદસ્થીત જયકરં, ગીરીરાજ શેવા કરણ તત્પર પદ્મવિજય સુહીત કરં. નમો. ૭

(૨)

શ્રી શેત્રુંજય સિદ્ધ ક્ષેત્ર, દીઠે દુરગતિ વાર; ભાવ ધરીને જે ચડે, તેને ભવજળ પાર. ઉતારે ૧ અનંત સીદ્ધનો એ ઠામ, સકળ તીર્થનો રાય; પુર્વનવાણું રીખવદેવ, જ્યાં ઠવીયા પ્રભુપાય.૨ સુરજકુંડ શોહામણો, કવડ જક્ષ અભીરામ નાભીરાયા કુલ મંડણો, જીનવર કરૂં પ્રણામ. ૩

(૩)

આજદેવ અરીહંત નમું, સમરૂં તોરૂં નામ; જ્યાં જ્યાં પ્રતિમા જીન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧ શેત્રુંજે શ્રી આદદેવ, નેમ નમું ગીરનાર; તારંગે શ્રી અજીતનાથ આબુ રીખવ જુહાર. ૨ અષ્ટાપદ ગીરી ઉપરે, જીન ચોવીસી જોડ; મણીમય મુરત માનશું, ભરત ભરાવી

સોય. સમતશીખર તીરથ વડો, જ્યાં વીશ જીન પાય; વૈભાર ગીરીવર ઉપરે, શ્રી વીર જીનેશ્વર રાય. ૪ માંડવગઢનો રાજીઍા, નામે દેવસુપાર્શ્વ; રીખવ કહે જીન સમરતાં, પહોંચ મનની આશ. ૫

(૪)

ચોવીસ જીનનું ચૈતવંદન.

પદમ પ્રભુ ને વાસુપુજ્ય, દોય રાતા કહીએ; ચંદ્રપ્રભુને સુવીધીનાથ, દો ઉજવળ લહીએ. ૧ મલ્લીનાથ ને પાર્શ્વનાથ, દોય નીલા નીરખ્યા; મુનીસુવ્રતને નેમનાથ, દોય અનજન સરીખા. ૨ સોળે જીન કંચન સમાએ; એવા જીન ચોવીસ; ધીરવિમળ પંડીત તણો, જ્ઞાનવીમળ કહે શીશ. ૩

(૫)

પ્રથમ તિર્થંકર તણા હુવા, ભવ તેર કહીએ; શાંતિ તણા ભવ બાર, નવ ભવ નેમ લહીજે. ૧ દશ ભવ પાર્શ્વ જીણંદને, સતાવીસ

મહાવીર; શેષ તીર્થંકર ત્રીજુ ભવે, પામ્યા ભવજળ તીર. ૨ જ્યાંથી સમકિત ફરશીયું, ત્યાંથી ગણીએ તેહ; ધીરવિમળ પંડીત તણો, જ્ઞાનવિમળ ગુણ ગેહ.

(૬)

પરમાત્માનું ચૈતવંદન.

પરમેશ્વર પરમાતમા, પાવન પરમીઠ;
જય જગ ગુરૂ દેવાધીદેવ, નયને મેં દીઠ. ૧
અચળ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતિ જન આધાર એક, નીઃકારણ બંધુ. ૨
ગુણઅનંતપ્રભુતાહારાએ,કીમહી કહ્યાનજાએ;
રામ પ્રભુ જીન ધ્યાનથી, ચિદાનંદ સુખથાય.૩

(૭)

શ્રી શ્રી મંધરજીન ચૈત્યવંદન.

શ્રી શ્રીમંધર જગધણી, આભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો. ૧
સકળ ભક્ત તુમો ધણીએ, જો હોવે અપનાથ;
ભવોભવ હું છું તાહરો,નહીં મેલું હવે સાથ.૨

સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લઇશું;
પાય તુમારા સેવીને, શીવરમણી વરશું. ૩
એ અલજો મુજને ઘણોએ, પુરો શ્રીમંધર દેવ;
ઇહાં થકી હું વીનવું, અવધારો મુજ સેવ. ૪

(૮)

શ્રી રીખભદેવનું ચૈત્યવંદન.

સર્વાર્થ સિદ્ધે થકી, ચવીઆ આદી જીનંદ;
પ્રથમ રાય વનીતા વસે, માનવગણ સુખકંદ. ૧
યોની નકુલ જીણંદને, હાયન એક હજાર;
મૌનાતીત કેવલી, વડ હેઠે નિરધાર. ૨
ઉત્તરાષાઢા જન્મ છએ, ધનરાસી અરિહંત;
દસ સહસ પરિવારશું, વીર કહે શીવકંત. ૩

(૯)

શ્રી અજીતનાથનું ચૈત્યવંદન.

અજિતનાથ પ્રભુ અવતર્યો, વનિતાનો સ્વામી; જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી. ૧ બોહોતેર લાખ પૂરવ તણું; પાળ્યું જેણે આય; ગજ લંછન લંછન નહિ;

પ્રણમે સુર રાય. ૨ સાડાચ્યારસે ધનુષનીએ,
જિનવર ઉત્તમ દેહ; પાદ પદ્મ તસ પ્રણમી-
એ; જિમ લહીએ શિવ ગેહ. ૩

(૧૦)

શ્રી સંભવનાથનું ચૈત્યવંદન.

સાવથ્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ૧
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે, ચ્યારસે
ધનુષનું દેહમાન, પ્રણમું મનરંગે. ૨ સાઠ
લાખ પૂરવ તણુંએ, જિનવર ઉત્તમ આય,
તુરંગ લંછન પદ પદ્મમાં, નમતાં શિવસુખ
થાય. ૪

(૧૧)

અભિનંદનનું ચૈત્યવંદન

ચવ્યા જયંત વિમાનથી, અભિનંદન
જિનચંદ, પુનર્વસુમાં.જનમિયા, રાશી મીથુન
સુખકંદ. ૧.નયરી અયોધ્યાનો ધણી, યોની
બર મંજાર; ઉગ્રવિહારે તપ તપ્યા, ભૂતલ વ

રસ અઢાર. ૨ વલી રાયણ પાદપ તલેએ, ત્રિમળ નાણ ગણદેવ, મોક્ષ સહસ મુનિશું જયા, વીર કરે નિત્ય સેવ. ૩

(૧૨)

શ્રી સુમતીનાથનું ચૈત્યવંદન.

શ્રાવણ સુદ બીજે ચવ્યા, મેહલીને જયંત, પંચમી ગતિ દાયક નમું, પંચમ જિન સુમતિ. ૧ સુદિ વૈશાખની આઠમે, જન્મ્યા તેમ સંયમ, સુદિ નવમી વૈશાખની, નિરૂપમ જસ સમદમ. ૨ ચૈત ઇગ્યારશ ઉજલીયે, કેવળ પામે દેવ, શિવ પામ્યા તિણ નવમીએ, નય કહે તસ કરો સેવ. ૩

(૧૩)

શ્રી પદ્મપ્રભુનું ચૈત્યવંદન.

કોશંબી પુરી રાજીયો, ધર નરપતિ તાય; પદ્મપ્રભુ પ્રભુતા મય, સુશીમા જસ માય. ૧ ત્રીસ લાખ પૂરવતણું, જિન આયુ પાલી; ધનુષ અઢીસેં દેહડી, સવિ કર્મને ટાલી. ૨ પદ્મ

લંછન પરમેસરૂએ, જિનપદ પદ્મની સેવ; પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સહુ નિત્ય મેવ. ૩

(૧૪)

શ્રી સુપાર્શ્વનાથનું ચૈત્યવંદન.

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલો ભવ ફેરો; પૃથ્વી માતાને ઉરે, જયો તે નાથ હમેરો. ૧ પ્રતિષ્ઠિત સુત સુંદરૂં, વાણારશી રાય; વીસ લાખ પૂરવતણું, પ્રભુજીનું આય. ૨ ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર; પદ પદ્મે જસ રાજતો, તાર તારં ભવ તાર. ૩

(૧૫)

શ્રી ચંદનપ્રભુનું ચૈત્યવંદન.

શ્રી ચંદ્રપ્રભુ જિન આઠમા, ચંદ્ર પ્રભ સમ દેહ; અવતરિયા વિજયંતથી, વદિ પંચમી ચૈત્રેહ. ૧ પોસ વદિ બારસે જનમિયા, તસ તેરસે સાધ; ફાગુણ વદિની સાતમે, કેવલ નિરાબાધ. ૨ ભાદ્રવ સતમિ શિવ લાહ્ય,

પુરિ પૂરણ ધ્યાન, અઠ્ઠ મહા સિદ્ધિ સંપજે, નય કહે જિન અર્વાંન. ૩

(૧૬)

શ્રી સુવિધિનાથનું ચૈત્યવંદન.

સુવિધિનાથ સુવિધિ નમું, શ્વાન યોની સુખકાર, આવ્યા આણુત સ્વર્ગથી, કાકંદી અવતાર. ૧ રાક્ષસ ગણુ ગુણવંતને, ધન રાશિ રિખમૂલ, વરસ ચાર છદ્મસ્થમાં, કર્મ શાશક શાર્દુલ. ૨ માલી તરૂતલે કેવલીએ, સહસ મુની સંઘાત; બ્રહ્મ મહોદય વર્યા, વીર નમે પ્રભાત. ૩

(૧૭)

શ્રી શીતલનાથનું ચૈત્યવંદન.

દશમા સ્વર્ગ થકી ચવ્યા, દસમા શીતલ નાથ; ભદ્દિલપૂર ધન રાશિયે, માનગવગણુ શિવ સાથ. ૧ વાનરયોની જિણંદની, પૂર્વાષાઢા જાત; તિગ વરસાંતરે કેવલી, પ્રીયંગુ વિખ્યાત. ૨ સંયમધર સહસે વર્યા, નિરૂપમ

પદ નિરવાણ; વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડિ કલ્યાણ. ૩

(૧૮)

શ્રી શ્રેયાંસનાથનું ચૈત્યવંદન.

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્નુ નૃપ તાય; વિષ્નુ માતા જેહની, એંશી ધનુષ્યની કાય. ૧ વરસ ચોરાસી લાખનું, પાલ્યું જિણે આય; ખડ્ગી લંછન પદકજે, સિંહપૂરીનો રાય. ૨ રાજ્ય તજી દીક્ષા વરીએ જિનવર ઉત્તમ જ્ઞાન; પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩

(૧૯)

શ્રી વાસુપુજ્યનું ચૈત્યવંદન.

વાસવ વંદીત વાસુપૂજ્ય, ચંપાપૂરી ઠામ; વાસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ૧ મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ, કાયા આયુ વરસ વળી, બહોતેર લાખ વખાણ. ૨ સંઘ ચતુર્વિધ સ્થાપીનએ,

જિન ઉત્તમ મહારાય; તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩

(૨૦)

શ્રી વિમળનાથનું ચૈત્યવંદન.

કંપીલપુરે વિમલ પ્રભુ, શામા માતા મલ્હાર; કૃતવર્મ્મા નૃપ કુલ નભે, ઉગમિયો દિનકાર. ૧ લંછન રાજે વરાહનું, સાઠ ધનુષ ની કાયા; સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાયા. ૨ વિમલ વિમલ પોતે થયાએ, સેવક વિમલ કરેહ; તુજ પદ પદ્મ વિમલ પ્રત્યે, સેવું ધરી સસનેહ. ૩

(૨૧)

શ્રી અનંતનાથનું ચૈત્યવંદન.

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ; હસ્તિ યોનિ અનંતને, દેવગણુ અભિરામ. ૧. રેવતિએ જનમ્યા પ્રભુ, મિનરાશી સુખકાર; ત્રણ વરસ છદ્મસ્થમાં, નહિ પ્રમાદિ ઉચ્ચાર. ૨ પિંપલ વૃક્ષે પામીયાએ, કેવલ

લક્ષ્મી નિધાન, સાત સહસશું શિવ વર્યા, વીર કહે બહુ માન.

(૨૨)

શ્રી ધર્મનાથ સ્વામીનું ચૈત્યવંદન.

વૈશાખી સુદિ સાતમે, ચવિય શ્રી ધર્મ; વિજય થકી મહા માસની, શુદિ ત્રીજે જન્મ. ૧ તેરશ માહી ઉજલી, લીયે સંજમ ભાર; પોશી પુનમે કેવલી, ગુણના ભંડાર. ૨ જેઠી પાંચમ ઉજલીએ, શિવપદ પામ્યા જેહ; નય કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સ્નેહ. ૩

(૨૩)

શ્રી શાંતિનાથનું ચૈત્યવંદન.

શાંતિ જીનેશ્વર સોલમા, અચિરા સુત વંદો; વિશ્વસેન કુલનભ મણિ, ભવિજન સુખકંદો. ૧ મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ, હથ્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨ ચાલીશ ધનુષની દેહડીએ, સમચોરસ સંઠાણ; વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

(૨૮)

શ્રી કુંથુનાથનું ચૈત્યવંદન.

શ્રાવણ વદિ નવમી દિને, સર્વાર્થથી ચ-
વિયા; વદિ ચૌદશ વૈશાખની, જિન કુંથુ
જણિયા. ૧ વદિ પાંચમ વૈશાખ માસ, લિ
યે સંજમ ભાર; શુદિ ત્રીજે ચૈત્રહતણી, લ
હે કેવળ સાર. ૨ પડવા દિન વૈશાખની,
પામ્યા અવિચલ ઠામ; છઠ્ઠા ચક્રી જયકરૂ,
જ્ઞાનવિમળ ગુણ ખામ. ૩

(૨૫)

શ્રી અરનાથનું ચૈત્યવંદન.

સર્વારથથી આવીયા, ફાગણ વદિ બી-
જે; માગશર શુદિ દશમે જણ્યા, અરદેવ
નમીજે. ૧ માગશર શુદિ એકાદશી, સંયમ
આદરિયો; કાર્તિક ઉજ્જવલ બારશે, કેવળગુણ
વરિયો. ૨ શુદિ તેરશ માગશર તણીયે, શિ
વપદ લહે જિનનાથ; સત્તમ ચક્રીને નમું;
નય કહે જોડી હાથ. ૩

(૨૬)

શ્રી મલ્લિનાથનું ચૈત્યવંદન.

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી; પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ પ-યડી. ૧ તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચ્ચીસની કાયા; લંછન કલસ મંગલ કરૂ, નિરમલ નિરમાયા. ૨ વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય; પદ્મવિજય કહે તેહને, નમતાં શિવ સુખ થાય. ૩

(૨૭)

શ્રી મુનિસુવ્રત સ્વામીનું ચૈત્યવંદન.

અપરાજિતથી આવીયા, શ્રાવણ શુદિ પુનમ; આઠમ જેઠ અંધારડી, થયો સુવ્રત જનમ. ૧ ફાગણ સુદિ બારશે વ્રતી, વદિ બારશે જ્ઞાન; ફાગણની તિમ જેઠ નવમી, મુક્તિનું નિર્વાણ. ૨ વર્ણ શામ ગુણ ઉજ્વલા, તિહુયણ કરે પ્રકાશ; જ્ઞાન વિમળ જિન રાજના, સુરનર નાયક દાસ. ૩

(૨૮)

શ્રી નમિનાથનું ચૈત્યવંદન.

દશમા પ્રાણત સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ; મિથિલા નયરી રાજિયો, શિવપુર કેરા સાથ. ૧ યોની અશ્વ અલંકરી, અશ્વની ઉદયો ભાણ; મેષરાશિ સુરગણ નમું; ધન તે દિન સુવિહાણ. ૨ નવ માસાંતર કેવલીઓ, બકુલ તળે નિરધાર; વીર અનોપમ સુખ વર્યા, મુનિ પરિતંત હજાર. ૩

(૨૯)

શ્રી નેમિનાથનું ચૈત્યવંદન.

નેમિનાથ બાવીશમા, શીવાદેવી માય; સમુદ્રવિજય પૃથવીપતિ, જેહ પ્રભુના તાય. ૧ દશ ધનુષની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછનધર સ્વામિજી, તજી રાજુલ નાર. ૨ સૌરીપુરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩

(૩૦)

શ્રી પાર્શ્વનાથનું ચૈત્યવંદન.

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમિયા, અહિ લંછન જાસ. ૧ અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા; કાશી દેશ વાણારશી, પુણ્યે પ્રભુ આયા. ૨ એકસો વર્ષનું આઉખું એ, પાળી પાસ કુમાર; પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

(૩૧)

શ્રી મહાવીરસ્વામીનું ચૈત્યવંદન.

સિદ્ધાર્થ સુત વંદીયે, ત્રીસલાનો જાયો; ક્ષત્રીકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો. ૧ મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા; બહોતેર વરસનું આઉખું, વીરજિનેશ્વર રાયા. ૨ ક્ષમા વિજય જિન રાજના એ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલથી વર્ણવ્યા, પદ્મ વિજય વિખ્યાત. ૩

સ્તવનો.

શ્રી ઋષભદેવનુ સ્તવન.

(રાગ મારૂ)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહુ રે કંત; રીજ્યો સાહેબ સંગ ન પરિહરેરે, ભાંગે સાદિ અનંત. ઋષભ૦ ૧ પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઈ ન કોય; પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨ કોઈ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરેરે, મળશું કંતને ધાય; એ મેળો નવિ કહીયે સંભવેરે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩ કોઇપતિ રંજન અતિ ઘણું તપ કરેરે, પતિ રંજન તન તાપ; એ પતિ રંજન મેં નવિ ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ મિલાપ. ઋષભ૦ ૪ કોઇ કહે લીલારે અલખ લલખ તણીરે, લખ પૂરે મન આસ; દોષ રહિતને લીલા નવિ ઘટેરે, લીલા દોષ

વિલાસ. ઋષભ૦ ૫ ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યુંરે, પૂજા અખંડિત એહ; કપટ રહિત થઇ આતમ અરપણારે, આનંદઘન પદ રેહ. ઋષભ૦ ૬

૨

શ્રી અજિતનાથનું સ્તવન.

રાગ આશાવરી.

મારૂં મન મોહ્યુંરે શ્રી વિમલાચળેરે.–એ દેશી.

પંથડો નિહાળુંરે બીજા જિન તણોરે, અજિત અજિત ગુણ ગામ; જે તેં જીત્યારે તેણે હું જીતિયોરે, પુરૂષ કિશ્યું મુજ નામ. પંથડો૦ ૧ ચરમ નયણ કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇએરે, નયણ તે દીવ્ય વિચાર. પંથડો૦ ૨ પુરૂષ પરંપર અનુભવ જોવતાંરે, અંધો અંધ પુલાય; વસ્તુ વિચારેરે જો આગમે કરીરે, ચરણ ધરણ નહી ઠાય. પંથડો૦ ૩ તર્ક વિચારેરે વાદ પરંપરારે, પાર ન પ-

હોય કોય; અભિમતે વસ્તુ વસ્તુગતે કહેરે, તે વિરલા જગ જોય. પંથડો૦ ૪ વસ્તુ વિચારેરે દીવ્ય નયણ તણોરે, વિરહ પડયો નિરધાર; તરતમ જોગેરે તરતમ વાસનારે, વાસિત બોધ આધાર. પંથડો૦ ૫ કાલ લબ્ધિ લહી પંથ નિહાલશુંરે, એ આશા અવિલંબ; એ જન જીવેરે જિનજી જાણજોરે, આનંદઘન મત અંબ. પંથડો. ૬

૩

શ્રી સંભવનાથનું સ્તવન.

મન મધુકર મોહી રહ્યો.—એ દેશી.

સંભવ જિનવર વીનતી, અવધારો ગુણ જ્ઞાતારે; ખામી નહીં મુજ ખિજમતે, કદીય હોશો ફળદાતારે. સંભવ૦ ૧ કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનોરે; જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનોરે. સંભવ૦ ૨ ખોટ ખજાને કો નહીં, દીજે વંછિત દાનોરે; કરૂણા નજર પ્રભુજી તણી, વા

ધે સેવક વાનોરે. સંભવ૦ ૩ કાલ લબ્ધ નહિ મતિ ગણો, ભાવ લબ્ધ તુમ હાથેરે; લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથેરે. સંભવ૦ ૪ દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચુંરે; વાચક યશ કહે સાંઇશું, ફળશે એ મુઝ સાચુંરે. સંભવ૦ ૫

૪

શ્રી અભિનંદનનું સ્તવન.

સુણજો હો પ્રભુ૦-એ દેશી.

દીઠી હો પ્રભુ, દીઠી જગ ગુરૂ તુઝ; મૂરતિ હો પ્રભુ, મૂરતિ મોહન વેલડીજી; મીઠી હો પ્રભુ, મીઠી તાહરી વાણ, લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી. ૧ જાણું હો પ્રભુ, જાણું જન્મ કૃતથ્થ; જોઉં હો પ્રભુ; જોઉં તુમ સાથે મિલ્યોજી; સુરમણિ હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ; આંગણે હો પ્રભુ, આંગણે મુઝ સુરતરૂ ફળ્યોજી. ૨ જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકૂર; માગ્યા

હો પ્રભુ, મુહ માગ્યા પાસા ઢલ્યાજી; વૂઠા હો પ્રભુ, વૂઠા અમિરસ મેહ; નાઠા હો પ્રભુ, નાઠા અશુભ શુભ દિન વળ્યાજી. ૩ ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મલ્યાં ઘૃતપુર; તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાંજી; થાકયાં હો પ્રભુ, થાકયાં મિલ્યા સુખપાલ; ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન હેજે હલ્યાજી. ૪ દીવો હો પ્રભુ, દીવો નિશાવિન ગેહ; સાથી હો પ્રભુ, સાથી થલે જલનૌકા મલીજી; કલિજુગે હો પ્રભુ, કલિજુગે દુલ્લહો મુજ; દરિસન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફલીજી. ૫ વાચક હો પ્રભુ, વાચક યશ તુમ દાસ; વીનવે હો પ્રભુ, વીનવે અભિનંદન સુણોજી; કહિયે હો પ્રભુ, કહીયે મ દેશો છેહ; દેજો હો પ્રભુ, દેજો સુખ દરિસણ તણોજી. ૬

૫

શ્રી સુમતિનાથનું સ્તવન.

ઝાંઝરીયા મુનિવરની દેશી.

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુઝ મન પ્રીતિ; તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જળ માંહિ ભલી રીતિ; સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ. ૧ સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય; પરિમલ કસ્તુરી તણોજી, મહિ માંહિ મહકાય. સોભાગી૦ ૨ આંગળિયે નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ; અંજળીમાં જિમ ગંગ ન માયે, મુઝ મન તિમ પ્રભુ હેજ. સોભાગી૦ ૩ હુઓ છિપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ; પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુઝ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪ ઢાંકી ઈક્ષુપલાલ શુંજી, ન રહે લહિ વિસ્તાર; વાચક યશ કહે પ્રભુ તણોજી, તિમ મુઝ પ્રેમ પ્રકાર. સોભાગી૦ ૫

૬

શ્રી પદ્મપ્રભુનું સ્તવન.

સહજ સલૂણા હો સાધુજી, એ દેશી.

પદ્મપ્રભ પ્રભુ જિન જઈ અળગા રહ્યા. જિહાંથી નાવે લેખોજી; કાગળને મશિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી; સુગુણ સનેહારે કદિય ન વિસરે; એ આંકણી. ૧ ઇહાંથી તિહાં જઈ કોઇ આવે નહી, જેહુ કહે સંદેશોજી; જેહનું મિલવું રે દોહિલું તેહશું, નેહ તે આપ કિલેશોજી. સુગુણ૦ ૨ વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી; ઘોડો દોડે રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી. સુગુણ૦ ૩ સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝજી, હોડા હોડે રે બિહું રસરીઝથી, મનના મનોરથ સીઝજી. સુગુણ૦ ૪ પણ ગુણવંતારે ગોઠે ગાજિયે, મોહોટા તે વિશ્રામજી; વાચક યશ કહે એહજ આશરે, સુખ લહું ઠામોઠામજી. સુગુણ૦ ૫

૭

શ્રી સુપાર્શ્વનાથનું સ્તવન.

લાછલદે માત મલાર—એ દેશી.

શ્રીસુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિર તાજ; આજહો છાજેરે ઠકુરાઇ, પ્રભુ તુઝ પદ તણીજી. ૧ દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ; આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુંદભિજી. ૨ અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર; આજ હો કીધારે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩ વાણી ગુણ પાંત્રીશ, પ્રાતિહારજ જગદીશ; આજ હો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી. ૪ સિંહાસન અશોક, બેઠા માંહે લોક; આજ હો સ્વામીરે શિવગામી, વાચક યશ થુણ્યોજી. ૫

૮

શ્રી ચંદ્રપ્રભુનું સ્તવન.

(ધણરા ઢોલા—એ દેશી.)

ચંદ્રપ્રભ જિન સાહેબારે, તુમે છો ચ-

તુર સુજાણ; મનના માન્યા, સેવા જાણુ દા સનીરે, દેશો પદ નિરવાણ. મનના માન્યા૦ આવો આવોરે ચતુર સુખ ભોગી, કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા૦ ૧ આંકણી. ઓછું અધિકું પણ કહેરે, આસંગાયત જેહ; મ૦ આપે ફળ જે અણ કહેરે, ગિરૂઆ સાહેબ તેહ. મ૦ ૨ દીન કહ્યા વિણ દાનથીરે, દાતાની વાધે મામ; મ૦ જલ દીયે ચાતક ખીજવીરે, મેઘ હુઆ તિણે શ્યામ. મ૦ ૩ પીઉ પીઉ કરી તુમને જપુંરે, હું ચાતક તુમે મેહ; મ૦ એક લહેરમાં દુઃખ હરોરે, વાધે બમણો નેહ. મ૦ ૪ મોડું વહેલું આપવુંરે, તો શી ઢીલ કરાય; મ૦ વાચક યશ કહે જગધણીરે, તુમ તૂઠે સુખ થાય. મ૦ ૫

૯

શ્રી સુવિધિનાથનું સ્તવન.

રાગ કેદારો. એમ ધન્નો ધણને પરચાવે-એ દેશી

સુવિધિ જિણેસર પાય નમિને, શુભ ક રણી એમ કીજેરે; અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રભુ ઉઠી પૂજીજેરે. સુવિધિ૦ ૧ દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઇયે રે; દહ તિગ પણ અહિગમ સાચવતાં, એક મના ધુરિ થઇયેરે. સુ૦ ૨ કુસુમ અક્ષત વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખીરે; અંગ પૂજા પણ ભેદ સુણી એમ, ગુરૂ મુખ આગ મ ભાખીરે. સુ૦ ૩ એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપરરે; આણા પાલ ણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે સુ૦ ૪ ફૂલ અક્ષત વર ધૂપ પઇવો, ગંધ નૈવેદ્ય ફળ જળ ભરીરે; અંગ અગ્ર પૂજા મ- ળી અડવિધ, ભાવે ભવિ શુભગતિ વરીરે. સુ૦ ૫ સત્તર ભેદ એકવીસ પ્રકારે, અ- ઠોત્તર શત ભેદેરે; ભાવ પૂજા બહુ વિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે. સુ૦ ૬ તુરિય ભેદ પડિવત્તી પૂજા, ઉપશમ ખીણ સયોગીરે;

ચઉવિહા પૂજા ઇમ ઉત્તરજ્ઝયણે, ભાખી કેવલ ભોગીરે. સુ૦ ૭ એમ પૂજા બહુ ભેદ સુણીને, સુખ દાયક શુભ કરણીરે; ભાવિક જીવ કરશે તે લહેશે, આનંદઘન પદ ધરણીરે. સુ૦ ૮

૧૦

શ્રી શીતળનાથનું સ્તવન.

વારિ પ્રભુ દશમા શીતળનાથ, કે સુણો એક વિનતીરે લોલ; કે વારિ પ્રભુ મહારે તુમશું પ્રીત, કે અવરશું આખડીરે લોલ. ૧ કે વારિ પ્રભુ ભદ્દિલપુર અવતાર, કે દ્રઢરથ રાજીઓરે લોલ; કે વારિ પ્રભુ નંદા માત મલ્હાર, કે કુળમાં ગાજીઓરે લોલ. ૨ કે વારિ પ્રભુ શ્રીવચ્છ લંછન પાય, કે પ્રભુજીને દીપતું રે લોલ; કે વારિ પ્રભુ ચંદ કહે કરજોડ, કે અવિહડ રંગશું રે લોલ. ૩

(૧૧)

શ્રી શ્રેયાંસનાથનું સ્તવન.

(કર્મ ન છુટેરે પ્રાણીઆ—એ દેશી.

તુમે બહુ મિત્રીરે સાહેબા, મારે તો મન એક; તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુજ મોહોટીરે ટેક; શ્રી શ્રેયાંસ કીરપા કરો.૧ એ આંકણી. મન રાખોરે તુમે સવિ તણાં, પણ કિહાં એક મલિ જાઓ; લલચાવી લખ લોકને, શાથી સહેજ ન થાઓ. શ્રી૦ ૨ રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ; ચિત્ત તુમારોરે સમુદ્રનો, કોય ન પામે રે તાગ. શ્રી૦ ૩ એવા શું ચિત્ત મેલવ્યું, કેળવ્યું પહેલાં ન કાંઇ; સેવક નિપટ અબૂજ છે, નિર્વહેશો તુમે સાંઇ. શ્રી૦ ૪ નિરાગી શું રે કિમ મીલે, પણ મળવાનો એકાંત; વાચક યશ કહે મુજ મિલ્યો, ભકતે કામણ તત. શ્રી૦ ૫

(૧૨)

શ્રી વાસુપુજ્યનું સ્તવન.

સાહેબા મોતીડા હમારો—એ દેશી.

સ્વામી તુમે કાંઇ કામણ કીધું, ચિત્તડું

અમારૂં ચોરી લીધું; સાહેબા વાસુપુજ્ય જિ-
ણંદા, મોહના વાસુપુજ્ય. ૧ અમે પણ તુમ
શું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધ
રશું. સાહેબા૦ ૨ મન ઘરમાં ધરીયા ઘરશો
ભા, દેખત નિત્ય રહેશો થિરશોભા; મન
વૈકુંઠ અકુંઠિત ભકતે, યોગી ભાખે અનુભ
વ યુકતે. સા૦ ૩ કલેશે વાસિત મન સંસા
ર, કલેશ રહિત મન તે ભવપાર; જો વિશુ
દ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે ન
વ નિધિ ઋદ્ધિ પાવ્યા. સા૦ ૪ સાત રાજ
અળગા જઇ બેઠા, પણ ભગતે અમ મનમાં
પેઠા; અળગાને વળગ્યા જે રહેવું, તે ભાણા
ખડખડ દુઃખ સહેવું. સા૦ ૫ ધ્યાયક ધ્યેય
ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મળશું, વાચક યશ
કહે હેજે હળશું. સા૦ ૬

(૧૩)

શ્રી વિમળનાથનું સ્તવન.

દાસ અરદાસ શી પેરે કરેજી-એ દેશી.

વિમલજિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય; લઘુ નદી જિમ તિમ લંઘીએજી, સ્વયંભુરમણ ન તરાય. વિ૦ ૧ સયલ પૃથ્વી ગિરિ જળ તરૂજી, કોઇ તોલે એક હાથ; તેહ પણ તુઝ ગુણ ગણ ભણીજી, ભાખવા નહી સમરથ. વિ૦ ૨ સર્વ પુદ્ગળ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ; તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુઝ ગુણ એક તણો લેશ, વિ૦ ૩ એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય; નાસ્તિતાતા સ્વપર પદ અસ્તિતાજી, તુઝ સમકાલ સમાય. વિ૦ ૪ તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન; તેહને તેહીજ નીપજેજી, એ કોઇ અદ્ભુત તાન. વિ૦ ૫ તુમ્હ પ્રભુ તુમ્હ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય; તુમ દરિશણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. વિ૦ ૬ પ્રભુ તણી વિમળતા ઓળખીજી, જે કરે થિર મન સેવ; દેવચંદ પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ. વિ૦ ૭

(૧૪)

શ્રી અનંતનાથનું સ્તવન.

ધાર તરવાની સોહલી દોહલી, ચઉદ મા જિનતણી ચરણ સેવા; ધાર પર નાચતાં દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા. ધાર૦ ૧ એ આંકણી. એક કહે સેવિયે વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે; ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે. ધાર૦ ૨ ગચ્છના ભેદ બહુ નયન નીહાલતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે; ઉદર ભરણાંદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયાં કલિકાલ રાજે. ધાર૦ ૩ વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઇ રાચો. ધાર૦ ૪ દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણું; શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી,

હાર પર લીપણું તેહ જાણો. ધાર૦ ૫ પા૫ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઇ જગ સૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો. ધાર૦ ૬ એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમેં નિત્ય ધ્યાવે; તે નરા દિવ્ય બહુ કાલ સુખ અનુભવી, નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦ ૭

(૧૫)

શ્રી ધર્મનાથનું સ્તવન.

રાગ ગોડી સારંગ, દેશી રશીયાની.

ધર્મજિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત. જિનેસર૦ બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત. જિ૦ ધર્મ૦ ૧ ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિ૦ ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ. જિ૦ ધર્મ૦ ૨ પ્રવચન અંજન જો

સદ્ગુરૂ કરે, દેખે પરમ નિધાન; જિ૦ હૃદય નયન નિહાલે જગ ધણી, મહિમા મેરૂ સમાન. જિ૦ ધર્મ૦ ૩ દોડત દોડત દોડત દોડીયો, જેતી મનનીરે દોડ; જિ૦ પ્રેમ પતીત વિચારો ઢુંકડી, ગુરૂગમ લેજોરે જોડ. જિ૦ ધર્મ૦ ૪ એક પખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુએ સાંધ; જિ૦ હું રાગી હું મોહે ફંદિયો, તું નીરાગી નિરબંધ. જિ૦ ધર્મ૦ ૫ પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઉલઘી હો જાય; જિ૦ જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધો અંધ પલાય. જિ૦ ધર્મ૦ ૬ નિર્મલ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ; જિ૦ ધન તે નગરી ધન વેલા ઘડી, માતા પિતા કુલવંશ. જિ૦ ધર્મ૦ ૭ મન મધુકર વર કર જોડી કહે, પદકજ નિકટ નિવાસ; જિ૦ ધન નામી આનંદઘન સાંભલો, એ સેવક અરદાસ. જિ૦ ધર્મ૦ ૮

(૧૬)

શ્રી શાંતિનાથનું સ્તવન.

(રાગ આશાવરી.)

શાંતી જીણંદ સુખકારી, સકળ જન, શાંતિ સ્વસ્તિથી શ્રી ઋદ્ધિ વૃદ્ધિ જયંકર, મંગળાભ્યુદય વિહારી. સ૦ શાં૦ ૧ સુર પુજીતગઢ તીન મનોહર પ્રતિહારજ સહુ ચારી; વૃક્ષ અશોક પરમ સુદ દાતા, કુસુમ વૃષ્ટ વરધારી સ૦ શાં૦ ૨ દિવ્ય ધ્વનિ ચઉ વિધ વાજીત્ર સુર, યોજન માન ઉદારી, ચિહું દીશી ચમ્મર છત્ર ત્રિહું શોભિત, સિંહાસન પદ સારી સ૦ શાં૦ ૩ ભામંડલ રવા કોટી વીજંતા, દુંદુભિ ધ્વનિ બલિહારી, એસી સભા મેં શ્રી જીન સેવા, સ્વરૂપચંદ મન પ્યારી. સ૦ શાં૦ ૪

(૧૭)

શ્રી કુંથુનાથનું સ્તવન.

સાહેલાં હે— એ દેશી.

સાહેલાં હે કુંથું જીનેશ્વર દેવ, રત્ન દી

પડે અતિ દીપતો હો લાલ; સા૦ મુજ મન મંદિર માંહિ, આવે જો અરિબલ જીપતો હો લાલ. સા૦ ૧ મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝલહલે હો લાલ; સા૦ ધુમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. સા૦ ૨ પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છિપે હો લાલ; સા૦ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછે હો લાલ. સા૦ ૩ જેહ ન મરૂતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ; સા૦ જેહ સદા છે રમ્ય, પૂષ્ઠ ગુણ નવિ કૂશ રહે હો લાલ. સા૦ ૪ પુદ્ગલ તેલ ન ખેપ, તેહ ન શુદ્ધ દશા દહે હો લાલ; સા૦ નયવિજય સુશિષ્ય, વાચક યશ ઇણિપરે કહે હો લાલ. સા૦ ૫

(૧૮)

શ્રી અરનાથનું સ્તવન.

આસણરા જોગી - એ દેશી.

શ્રી અરજિન ભવ જલનો તારૂ, મુજ

મન લાગે વારૂરે; મન મોહન સ્વામી; બાંહ્ય ગ્રહી એ ભવિજન તારે, આણે શિવપુર આરેરે. મન૦ ૧ તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માનેરે; મન૦ પણ નવિ ભય મુઝ હાથોહાથે, તારે તે છે સાથેરે. મન૦ ૨ ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફળ દેઇરે; મન૦ કાયા કષ્ટ વિના ફળ લહિયે, મનમાં ધ્યાન ધરેઇરે. મન૦ ૩ જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણો રે; મન૦ શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે. મન૦ ૪ પ્રભુ પદ વળગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજારે; મન૦ વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉંરે મન૦ ૫

(૧૯)

શ્રી મલ્લિનાથનું સ્તવન.

નાભિ રાયાં કે બાગ–એ દેશી.

તુજ મુઝ રીજની રીજ, અટપટ એહ

ખરીરી; લટપટ નાવે કામ, ખટપટ ભાંજ પરીરી. ૧ મલ્લિનાથ તુજ રીજ, જન રીજે ન હુએરી; દોય રીજણનો ઉપાય, સાહામું કાંઇ ન જુએરી. ૨ દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી; એક દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી. ૩ લોક લોકત્તર વાત, રીઝછે દોય જુઈરી; તાત ચક્રધુર પુજ્ય, ચિંતા એહ હુઈરી. ૪ રીઝવવો એકસાંઇ, લોક તે વાત કરેરી; શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ૫

(૨૦)

શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન.

પાંડવ પાંચે વંદતાં—એ દેશી.

મુનીસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસત તનમન થાયરે; વદન અનોપમ નિરખતાં, મારાં ભવ ભવનાં દુઃખ જાયરે. ૧ મારાં ભવ ભવનાં દુઃખ જાય, જગત ગુરૂ જાગતો; સુખકંદરે, સુખકંદ અમંદ આણંદ, પરમ

ગુરૂ જાગતો. સુ૦ એ આંકણી. નિશીદિન સૂતાં જાગતાં, હઇડાથી ન રહે દૂરરે; જબ ઉપગાર સંભારિયે, તવ ઉપજે આનંદ પુરરે. ત૦ જ૦ સુ૦ ૨ પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન સમાય રે; ગુણ ગુણ અનુબંધી હુઆ, તેતો અક્ષય ભાવ કહ્યા યરે. તે૦ જ૦ સુ૦ ૩ અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપરે; અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાય અરૂપ રે એ૦ જ૦ સુ૦ ૪ અક્ષર થોડા ગુણ ઘણા, સજજનના તે ન લિખાયરે; વાચક યશ કહે પ્રેમથી, પણ મન માંહે પરખાય રે. પ૦ જ૦ સુ૦ ૫

(૨૧)

શ્રી નમિનાથનું સ્તવન.

શ્રી નમિ જિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂરે નાસેજી; અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસેજી.

શ્રી૦ ૧ મયમત્તા અંગણુ ગજ ગાજે, રાજે તેજી તુખાર તે ચંગાજી; બેટાબેટી બંધવ જોડી, લહિયે બહુ આંધકાર રંગાજી. શ્રી૦ ૨ વલ્લભ સંગમ રંગ લહીજે, અણુવાલહા દૂર સહેજે જી; વાંછાતણા વિલંબ ન હજો, કારજ સીઝે ભૂરિ સહેજેજી. શ્રી૦ ૩ ચંદ્ર કિરણ ઉજ્વલ યશ ઉલસે, સૂરજ તુલ્ય પ્રતાપી દીપેજી; જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનયે, તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી. શ્રી૦ ૪ મંગળ માળા લચ્છિ વિશાળા, બાલા બહુલે પ્રેમ રંગેજી; શ્રી નય વિજય વિબુધ પય સેવક, કહે લહિ એ સુખ પ્રેમ અંગેજી. શ્રી૦ ૫

(૨૨)

શ્રી નેમિનાથનું સ્તવન.

આટલા દિન હું જાણુતો રે હાં–એ દેશી.

તોરણ આવી રથ ફેરી ગયા રે હાં, પશુઆં દેઇ દોષ; મેરે વાલમા. નવભવ નેહ નિવારિયો રે હાં, શ્યો જોઇ આવ્યા જોશ. મે૦

૧ ચંદ કલંકી જેહથીરે હાં, રામને સીતા વિયોગ મે૦ તેહ કુરંગને વયણડેરે હાં, પતિ આવે કુણ લોગ. મે૦ ૨ ઉતારી હું ચિત્તથી રે હાં, મુક્તિ ધુતારી હેત; મે૦ સિદ્ધ અનંતે ભોગવીરે હાં, તેહશું કવણુ સંકેત. મે૦ ૩ પ્રીત કરતાં સોહિલીરે હાં, નિરવહેતાં જંજાલ; મે૦ જેહવો વ્યાલ ખેલાવવોરે હાં, જેહવી અગનની ઝાલ. મે૦ ૪ જો વિવાહ અવસરે દિઓરે હાં, હાથ ઉપર નવિ હાથ; મે૦ દીક્ષા અવસર દીજિયેરે હાં, શિર ઉપર જગનાથ. મે૦ ૫ ઇમ વલવલતી રાજુલ ગઇરે હાં, નેમિ કને વ્રત લીધ; મે૦ વાચક યશ કહે પ્રણમિયેરે હાં, એ દંપતી દોય સિદ્ધ. મે૦ ૬

(૨૩)

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

દખી કામની દોઇ-એ દેશી.

વામા નંદન જિનવર મુનિમાંહે વડોરે, કે મુનિમાંહે વડો; જિમ સુરમાંહિ સોહે સુ

રપતિ પરવડારે, કે સુર૦ જિમ ગિરિમાંહિ સુરાચલ મૃગમાંહિ કેસરીરે; મૃ૦ જિમ ચં-દન તરૂમાંહિ સુભટમાંહિ શુરઋરીરે. સુ૦ ૧ નદીય માંહિ જિમ ગંગ અનંગ સુરૂપમાંરે, અનંગ૦ ફૂલમાંહિ અરવિંદ ભરતપતિ ભૂ-પમાંરે; ભ૦ ઐરાવણ ગજમાંહિં ગરૂડ ખગમાં યથારે, ગરૂડ૦ તેજવંત માંહિં ભાણ વખાણમાંહિ જિનકથારે. વ૦ ૨ મંત્રમાંહિ નવકાર રત્નમાંહિ સુરમણિરે, રત્ન૦ સાગર માંહિ સ્વયંભુરમણ શિરોમણિરે; રૂમ૦ શુક-લ ધ્યાન જિમ ધ્યાનમાં અતિ નિર્મલપણેરે, અ૦ શ્રી નયવિજય વિબુધ પય સેવક ઇમ ભણેરે સે૦ ૩

(૨૪)

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

રાગ ધન્યાશ્રી.

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયારે; સુણતાં શ્રવણે અમી ઝરે, માહા

રી નિર્મલ થાયે કાયારે. ગિ૦ ૧ તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલી નિર્મળ થાઊંરે; અવર ન ધંધો આદરૂં, નિશિ દિન તોરા ગુણ ગાઊંરે. ગિ૦ ૨ ઝીલ્યા જે ગંગા જળે તે છિલ્લર જળ નવિ પેસેરે; જે માલતી ફુલે, મોહીયા, તે બાવળ જઈ નવિ બેસેરે. ગિ૦ ૩ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યારે; તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યારે. ગિ૦ ૪ તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે; વાચક યશ કહે માહરે, તું જીવન જીવ આધારોરે ગિ૦ ૫

(૨૫)

મહાવીરસ્વામીનું સ્તવન.

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ઘણીરે; વીરમને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોનેરે. એ આં કણી. પરીભ્રમણમેં અનંતારે કીધા, હજુ ના

આવ્યો છંડલોરે, તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, હમોતો અનંતા ભવ ભમ્યારે. વીર. ૧ તુમે હમે વાર અનંતી વેળા, રમી આ સંસારીપણુરે, તેહ પ્રીત જો પુરણ પાળો, તો હમને તુમ સમકરોરે. વીર૦ ૨ તુમ સમ હમને જોગ ન જાણો, તો કાંઈ થોડું દીજીએરે; ભવોભવ તુમ ચરણની સેવા, પામી હમે ઘણું રીજીએરે. વીર. ૩ ઈંદ્રજાળીઓ કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીધોરે; અરજુન માળી જેહ ઘોર પાપી, તેહને જીન તમે ઉધર્યોરે. વીર૦ ૪ ચંદનબાળાએ અડદના બાકુલ, પડીલાભ્યા તુમને પ્રભુરે; તેહની સાહુની સાચીરે કીધી, શીવવધુ સાથે ભળીરે. વીર૦ ૫ ચરણે ચંદકોશીયો ડશીયો, કલપ આઠમે તે ગયોરે; ગુણતો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સનમુખા રહ્યો રે. વીર૦ ૬ નીરંજન પ્રભુ નામ ધરવો, તો સહુને સરખા ગણોરે; ભેદ ભાવ પ્રભુ દૂર કરીને, મુજશું રમો એકમેકશુંરે.

વીર૦ ૭ મોડા વેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણેરે; જ્ઞાનતણા ભવના પાપ મીટાવે, વારી જાઉં વીર તોરા વારણેરે. વીર૦ ૮

૨૬

મહાવીરસ્વામીનું સ્તવન.

વીર કુંવરની વાતડી કેને કહીયે, હાંરે કેને કહીએરે કેને કહીએ; નવિ મંદિર બેસી રહીએ, હાંરે સુકુમાર શરીર. વીર૦ ૧ બાળ પણાથી લાડકો નૃપ ભાવ્યો, હાંરે મળી ચોસઠ ઈંદ્રે મલ્હાવ્યો; ઈંદ્રાણી મળી હુલરાવ્યો, હાંરે ગયો રમવા કાજ. વીર૦ ૨ છોરૂં ઉછાંછલાં લોકનાં કેમ રહીએ, હાંરે એની માવડીને શું કહીએ; કહીએ તો અદેખાં થઈએ, હાંરે ના શાં આવ્યા બાળ. વીર૦ ૩ આમલકી ક્રીડા વશ વીંટાણો, હાંરે મોટો ભોરિંગ રોષે ભરાણો; વીર હાથે ઝાલીને તાણ્યો, હાંરે કાઢી, નાંખ્યો દૂર. વી૦ ૪ રૂપ પિસાચનું દેવતા કરી ચલિઆ, હાંરે મુજ પુત્રને લેઈ ઉછળી

આ; વીર મુષ્ટી પ્રહારે વળીઓ, હાંરે સાંભ ળીએ એમ. વીર૦ ૫ ત્રીસલા માતા મોજમાં એમ કહેતી, હાંરે સખીઓને ઓળંભા દેતી; ક્ષણ ક્ષણ પ્રભુ નામજ લેતી, હાંરે તેડાવે બાળ. વીર૦ ૬ વાટ જોવંતા વીરજી ઘેર આવ્યા, હાંરે માતા ત્રિસલાએ નવરાવ્યા, ખોળે બેસારી હુલરાવ્યા, હાંરે આલિંગન દેત. વીર૦ ૭ યૌવન પ્રભુ પામતાં પરણાવે હાંરે પછી સંજમ શું ઝીલલાવે, ઉત્સર્ગ ની ફોજ હઠાવે, હાંરે લીધું કેવળ નાણ. વીર૦ ૮ કર્મ સુડન તપ ભાખીયું જીન રાજે, હાંરે ત્રણ લોકની ઠકુરાઇ છાજે, કુલ પુજા કહી શીવ કાજે, હાંરે ભવિ ને ઉપગાર. વીર૦ ૯ શાતા અશાતા વેદની ક્ષય કીધું, હાંરે આપે અક્ષય પદ લીધું; શુભ વીરનું કારજ સિધું, હાંરે ભાંગે સાદિ અનંત. વીર૦ ૧૦

---

(૨૭)

શ્રી સીમંધર સ્વામિનુ સ્તવન.

(ધડર આબા આબલીરે.)

પુષ્કલવઇ વિજયે જયોરે, નયરી પુંડરગિરી સાર; શ્રી સીમંધર સાહિબારે, રાય શ્રેયાંશ કુમાર. જિણંદારાય ધરજો ધર્મ સ્નેહ. એ આંકણી. ૧ મોહોટા નાહના અંતરોરે, ગિરૂઆ નવિ દાખંત; શશિ દર્શન સાયર વધેરે, કૈરવ વન વિકસંત. જિ૦ ૨ ઠામ કુઠામ નવી લેખવેરે, જગ વરસંત જલધાર; કર દોય કુસુમે વાસીએરે, છાયા સવિ આધાર. જિ૦ ૩ રાય ને રંક સરિખા ગણેરે, ઉદ્યોતે શશી સૂર; ગંગાજલ તે બિહુ તણાંરે, તાપ કરે સવિ દૂર. જિ૦ ૪ સરિખા સહુને તારવારે, તિમ તુમ્હે છો મહારાજ; મુજશું અંતર કિમ કરોરે બાંહે ગ્રહ્યાની લાજ. જિ૦ ૫ મુખ દેખી ટીલું કરેરે, તે નવિ હોય પ્રમાણ; મુજરો માને સવિ તણોરે, સાહિબ તેહ

સુજાણ. જિ૦ ૬ વૃષભલંછન માતા, સત્યકી રે, નંદન રૂક્ષમણી કંત; વાચકજસ ઇમ વિનવેરે, ભયભંજન ભગવંત. જિ૦ ૭

(૨૮)

દીવાળીનું સ્તવન.

વ્હાલાજીની વાતડી અમે જોતાંરે-એ દેશી.

જયજીનવર જગ હિતકારીરે, કરે સેવા સૂર અવતારીરે; ગૌતમ પમૂહા ગણધારી સનેહી વીરજી જયકારીરે. ૧ અંતરંગ રિપુને ત્રાસેરે, તપ કોપા ટોંપેની વાસેરે, લહ્યું કેવળ નાણ ઉલાસે. સા૦ ૨ કંટીલં કે વાદ વદાયારે, પણ જીન સાથે ન ઘટાયારે, તેણે હરિ લંછન પ્રભુ પાયા. સ૦ ૩ સવિ સુર વહુ થેઈ થેઇકારારે જલપંકજની પેરે ન્યારારે, તજી તૃષ્ણા ભોગ વિકારા. સ૦ ૪ પ્રભુ દેશના અમૃત ધારારે, જીન ધર્મ વિષે રથકારારે, જેણે તારયા મેઘકુમારા. સ૦ ૫ ગૌતમને કેવળ આલીરે, વરયા સ્વાતિએ શિવ વરમાળીરે, કરે ઉત્તમ

લોક દીવાળી. સ૦ ૬ અંતરંગ અલછ્ઠ નિ
વારીરે, શુભ સજ્જનને ઉપગારીરે, કહે વી
ર પ્રભુ હિતકારી. સ૦ ૭

(૨૯)

દીવાળીનું સ્તવન.

મારે દીવાળી થઇ આજ, જીન મુખ
જોવાને, સર્યાં સર્યાંરે સેવકનાં કાજ, ભવ
દુખ ખોવાને. ટેક૦ મહાવીર સ્વામી મુગતે
પહોંચ્યા, ગૌત્તમ કેવળજ્ઞાનરે, ધન અમાવા
સ્યા દીવાળી મારે, વિર પ્રભુનું નિરવા
ણ. જિન૦ ૧ ચારીત્ર પાળ્યાં નિરમળાં ને,
ટાળ્યા વિષય કષાયરે; એવા મુનીને વંદીએ
તો, ઉતારે ભવપાર. જિન૦ ૨ બાકુળ વ-
હોર્યા વીરજીને, તારી ચંદનબાળારે, કેવ
ળ લહી પ્રભુ મુક્તે પહોંચ્યા, પામ્યા ભવ-
ના પાર. જિન૦ ૩ એવા મુનીને વંદીએ જે
પંચ જ્ઞાન ધરતારે; સમવસરણ દેઇ દેશનારે,
પ્રભુ તાર્યા નરને નાર. જિન૦ ૪ ચોવીસમા

જીનેસરૂને, મુગતી તણા દાતારરે; કરજોડી ક વિ એમ ભણે છે, પ્રભુ દુનિઆ ફેરો ટાળ. જિન૦ ૫

(૩૦)

દાન સુપાત્રનું સ્તવન.

દાદાજી ! મોહે દર્શન દીજે હો—એ દેશી.

દાન સુપાત્રે દીજે હો ભવિઆ, દાન સુપાત્રે દીજે; લબ્ધિ અઠાવીશ જ્ઞાની ગોય મ ઉત્તમ પાત્ર કહીજે હો. ભ૦ ૧ મુહુર્તમાં ચૌદ પર્વ રચિયા, ત્રિપદી વીરથી પામી; ચૌ દશેં બાવન ગણધર વાંધા, એ પદ અંતર જામી હો. ભ૦ ૨ ગણેશ ગણપતિ મહા મં ગલ પદ, ગાયમ વિણ નવિ દૂજો; સહસ ક મલ દલસે વન પંકજ, બેઠા સુરનર પુજો હો. ભ૦ ૩ ક્ષીણ મોહી મુની રત્ન પાત્ર સ મ, બીજાં કંચન સમ પાત્ર; રજતનાં શ્રાવ ક સમકિત ત્રંબા, અવિ રતિ લોહ પત્તા હો. ભ૦ ૪ મિથ્યાત્વી સહસથી એક અણુ

વ્રતી, અણુવ્રતી સહુથી સાધુ; સાધુ સહુ સથી ગણધર જિણવર, અધિકા ટાલે ઉપાધિ હો. ભ૦ ૫ પાંચ દાન દશ મનમાં મ-હોટા, અભય સુપાત્ર વિહીના, એહથી હરિ વાહ ન હુઓ જિનવર, સૌભાગ્ય લક્ષ્મી ગુણ ગીતા હો. ભ૦ ૬

(૩૧)

વિમળાચળનું સ્તવન.

વિમળાચળ વિમળા પ્રાણી, શીતળ તરૂં છાયા ઠરાણી, રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી. સનેહી સંત એ ગરી સેવો, ચૌદ ખેત્રમાં તિર્થ નહીં એવો. સ૦ ૧ ખત્રી પાળી ઉલસીએ. છઠ્ઠ અઠ્ઠમ કાયા કશીએ; મોહ મલ્લના સામા ધશીએ, વિમળાચળ વેગે વશીએ. સ૦ સં૦ ૨ અન્ય થાનક કર્મ જે કરીએ, તે ઇમગેરી હેઠા હુલીએ; પાખલ પરદક્ષિણા ફરીએ, ભવજળથી હેલા તરીએ. સ૦ સં૦ ૩ શિવ મંદીર

ચડવા કાજે, સો પાનની પાંતી બિરાજે; ચ ડતાં સમકિત છાજે; દુર ભવિઆં ભવ્ય તો લાજે. સ૦ સં૦ ૪ પાંડવ પમુહા કેઈ સં થી, આદીશ્વર ધ્યાન ધરંતા; પરમાતમ ભા વ ભજંતા, સિદ્ધાચળ સિદ્ધ અનંતા. સ૦ સં૦ ૫ ખટ માસી ધ્યાન ધરાવે, શુક રાજા નું રાજ તે પાવે; બાહીઅંતર શત્રુ હરાવે, સેત્રુંજો નામ ધરાવે. સ૦ સં૦ ૬ પ્રાણી ધ્યા ને ભજો ગેરી જાયો, તિર્થંકર નામ નહીં કા યો; મોહ ાયને લાગે તમાચો, શુભવીર વિ મળગેરી શાચો. સ૦ સં૦ ૭

(૩૨)

શ્રી સિદ્ધાચલનું સ્તવન.

વીરજી આવ્યારે વીમળાચળકે મેદાન, સુરપતિ પાયારે સમોવસરણ કે મંડાણ; દેશ ના દેવે વીરજી સ્વામ, સેત્રુંજ મહીમા વર ણવ્યો તામ ભાખ્યા આઠ ઉપરસો નામ, તેહમાં ભાખ્યું રે પુંડરગિરી અભિરામ; સો

યમ ઇંદ્રરે તવ પુછે બહુ માન, કેમ થ-
યું સ્વામીરે, ભાખો તાસ નીદાન. વી૦ ૧
પ્રભુજી ભાખે સાંભળ ઇંદ્ર, પ્રથમજ હુઆ
રીષભ જિણંદ; તેહના પુત્ર તે ભરત નરીંદ;
ભરતના હુઆરે રીખભસેન પુંડરીક. રીખ-
ભજી પાસેરે દેશના સુણીત હકીક, દીક્ષા લી
ધીરે ત્રીપદી જ્ઞાન અધીક. વી૦ ૨ ગણધર
પદવી પામ્યા તામ, દ્વાદશાંગી ગુંથી અભી
રામ; વીચરે મહીયલમાં ગુણધામ, અનુક્રમે
આવ્યારે શ્રી સિદ્ધાચળ ઠામ. મુનિવર કોડિ
રે પંચતણું પરિમાણ, અણસણ કીધાંરે નીં-
જ આતમને ઉદામ. વી૦ ૩ ચૈત્રી પુનમ દી
વસે એહ, પામ્યા કેવળ જ્ઞાન અછેહ; શિ-
વસુખ વરીયા અમારા દેહ, પુરણાનંદીરે
અગુરૂ લઘુ અવગાહ. અજ અવિનાસીરે ની
જ ગુણ ભોગી અબાહ, નીજ ગુણ કરતારે
પરપુદ્ગલ નહીં ચાહ. વી૦ ૪ તેણે પ્રગટ્યું
પુંડરિક ગિરી નામ, સાંભળો સોહમ દેવલો
ક સ્વામ; એહનો મહિમા અતિહ ઉદામ,

તેણુ દિન કીજેરે તપ જપ પુજાને દાન. વ્ર ત વળી પોસહરે, જેહ કરે અતિદાન, ફળ તસ પામેરે પંચ કોડ ગુણું માન. વી૦ ૫ ભગતે ભવ્ય જીવ જે હોય, પંચમે ભવે મુ ગતી લહે સોય; તેહમાં બાધક છે નહીં કોય, વ્યવહાર કેરીરે મધ્યમ ફળની એ વાત. ઉત કૃષ્ટ યોગેરે અંતર મુહુર્ત વિખ્યાત, શિવ સુખ સાધેરે નીજ આતમ અવદાત. વી૦ ૬ ચૈત્રી પુનિમ મહિમા એહ, પૂજા પ્રંચ પ્રકારી વીશેખ; કીજે નહીં ઉનીમ કાંઈ રેખ, એણીપેરે ભાખીરે જિનવર ઉત્તમ વાણુ. સાંભળી બુઝયારે કેઇક ભવિક સુજાણ, એણીપેરે ગાયારે પદ્મવિજય સુપરીમાણ. વી૦ ૭

(૩૩)

શ્રી સિદ્ધાચળનું સ્તવન.

ચાલો સખી સિદ્ધાચળ જઇયે, કે ગિરિવર દેખી સુખ લહીયે; કે પાલીટાણે જઇ રહીયે. ચાલો૦ ૧ કે એ ગિરી યાત્રા જે આ-

વે, કે ભવ ત્રીજે તે સિદ્ધી જાવે; કે અજરા મર પદવી પાવે. ચાલો૦ ૨ કે જાત્રા નવા ણું કરીયે, કે નવકાર લાખ ખરા ગણીયે; કે ભવ સાગર સેહેજે તરીયે. ચાલો૦ ૩ કે છઠ્ઠ અઠ્ઠમ કાયા કશીયે, કે મોહ રાજા સા મા ધસીયે; કે વેગ શિવપુરમાં વશીયે. ચાલો૦ ૪ કે સકલ તિરથનો એ રાજા, કે સુરજકુંડમાં જળ તાજાં; કે રોગી નર હોયે સાજા. ચાલો૦ ૫ કે કેસર ચંદન ને ગોળી, કે કસ્તુરી બરાસે ભેળી; કે પુજો સ ર્વ મળી ટોળી. ચાલો૦ ૬ કે પુજીને ભાવ- ના ભાવો, કે કેવળ જ્ઞાન યુગલ પાવો; કે જો હોયે શિવપુરમાં જાવો. ચાલો૦ ૭ કે અ ઢાર ઇકોતેર બર્ષે, કે મહા વદી પંચમીને દિવસે; કે ભેટયા શ્રી આદિસર ઉલસે. ચા- લો૦ ૮ કે એહ ઉત્તમ પદની શેવા, કે દેજો મુને દેવાધિ દેવા; કે શિવરૂપી લક્ષમી સુ ખ મેવા. ચાલો૦ ૯

(૩૪)

શ્રી સિદ્ધાચલનું સ્તવન.

તીરથની આશાતના નવિ કરીયે. ન વિ કરીયે૨ નવિ કરીયે; ધુપ ધ્યાન ઘટા અનુસરીયે, તરીયે સંસાર. તી૦ ૧ આશાતના કરતાં થકાં ધન હાંણી, ભુખ્યાં ન મળે અન્ન પાણી; કાયા વળી રોગે ભરાણી; આ ભવમાં એમ. તી૦ ૨ પરભવ પરમાધામીને વશ પડશો, વૈતરણી નદીમાં ભળશો; અગનીને કુંડે બળશો, નહીં સરણું કોય. તી૦ ૩ પુરવ નવાણું નાથજી ઇહાં આવ્યા, સાધુ કેઇ મોક્ષ સધાવ્યા; શ્રાવક પણ સિદ્ધિ સુહાવ્યા, જપતાં ગિરિ નામ. તી૦ ૪ અષ્ટોતર સત કુટ એ ગિરિ ઠામે, સુદર્શયસોધર નામે; પ્રીતી મંડણ કામુક કામે, વળી સહેજાનંદ. તી૦ ૫ મહેંદ્ર ધ્વજ સરવારથ સિધ કહીયે, પ્રિયંકર નામ એ લહીયે; ગિરી શીતળ છાંયાહે રહીયે, નિત્ય ધરીયે ધ્યાન. તી૦ ૬ પુ

આ નવાણું પ્રકારની એમ કીજે, નરભવનો લાહો લીજે; વળી દાન સુપાત્રે દીજે, ચઢતે પરીણામ. તી૦ ૭ શેવન ફુળ સંસારમાં કરે લીલા, રમણી ધન સુંદર બાળા; શુભ વીર વીનોદ વિશાળા, મંગળ શિવ માળ. તી૦ ૮

(૩૫)

શ્રી સિદ્ધાચળનું સ્તવન.

ચાલો ચાલો વીમળગીરી જઇએરે, ભવજળ તરવાને; તુમે જયણા એ ધરજો પાએરે પાર ઉતરવાને. એ આંકણી. બાળકાળની ચેષ્ટા ટાળી, હાંરે હું તો ધરમ જોબન હવે પાઓરે; ભવ, ભૂલ અનાદીની દુર નીવારી, હાંરે હું તો અનુભવ મનમાં લાઓરે. પાર૦ ૧ ચાલો૦ ભવ તરખા સવી દુર નીવારી, હાંરે મારી જીન ચરણે લય લાગીરે; ભવ, સંવર ભાવમાં દીલ હવે ઠરીઉં, હાંરે મારી ભવની ભાવટ ભાગીરે. પાર૦ ૨ ચાલો૦ સચીત સરવનો ત્યાગ કરીને, હાંરે નિત્ય એ

કાસણાં તપ કારીરે;ભવ, પડીકમણાં દોયટંકનાં કરસ્યું, હાંરે ભલી અમૃત કીયા દીલધારી રે. પાર૦ ૩ ચાલો૦ વ્રત ઉચરસ્યું ગુરૂની પાસે, હાંરે હું તો યથા શક્તિ અનુસારરે; ભવ, ગુરૂ સાથે ચડસ્યું ગેરી;પાજે, હાંરે જે ભવો દધી બુડતા તારેરે. પાર૦ ૪ ચાલો૦ ભવતા રક એ તીરથ ફરસી, હાંરે હું તો સુરજકુંડમાં નાહ્યારે; ભવ, અષ્ટ પ્રકારી રીખભ જીણુંદની, હાંરે હું તો પૂજા કરીશ લઅ લાવીરે. પાર૦ ૫ ચાલો૦ તીરથ પતીને તીરથ સેવા, એ તો સાચા મોક્ષના મેવારે; ભવ, સાત છઠ્ઠ દોઅ અઠ્ઠમ કરીને, મને સ્વામી વચ્છીલની હેવારે. પાર૦ ૬ ચાલો૦ પ્રભુ પદ પદમ રાઅણ તળે પુજી, હું તો પામીશ હરખ અપારરે, ભવ, રૂપવીજય પ્રભુ ધ્યાન પ્રસાએ, એ તો પામે સુખ શ્રીકારરે. પાર૦ ૭ ચાલો૦

(૩૬)

શ્રી સિદ્ધાચળનું સ્તવન.

જાત્રા નવાણું કરીયે વિમળગિરી, જાત્રા નવાણું કરીયે; પુરવ નવાણું વાર સેત્રુંજા ગિરી, ઋષભ જિણંદ સમોસરીયે. વિમળ૦ ૧ કોડી સહુસ ભવ પાતક તૂટે, સેત્રુંજા સાહામો ડગ ભરીએ. વિમળ૦ ૨ સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીયે ગિરીવરીયે. વિમળ૦ ૩ પુંડરીક પદ જપીયે હરખે, અધ્યવસાય શુભ ધરીયે. વિમળ૦ ૪ પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીયે. વિમળ૦ ૫ ભુઇ સંથારો ને નારી તણો સંગ, દુર થકી પરિહરીયે. વિમળ૦ ૭ સચિત પરિહારી ને એકલઆહારી, ગુરૂ સાથે પદ ચરિયે. વિમળ૦ ૭ પડિક્કમણાં દોય વિધીસ્યું કરીયે, પાપ પડલ વિખરીયે વિમળ૦ ૮ કળી કાળે એ તિરથ મોહોટું, પ્રવહણ જેમ ભવ દરીયે. વિમળ૦ ૯ ઉત્તમ એ ગિ

રીષર સેવતા, પદ્મ કહે ભવ તરીયે. વિમ-
ળ૦ ૧૦

(૩૭)

શ્રી સંભવનાથનુ સ્તવન.

સાહીબ સાંભળોરે સંભવ અરજ અ-
મારી; ભવોભવ હું ભમ્યોરે, નાલહી સેવા
તુમારી. નરકની ગોદમાંરે તીહાં હું બહુ ભવ
ભમીયો, તુમ વીના દુઃખ સહ્યાંરે અહનીશ
ક્રોધે ધમધમીઓ. સાહીબ. ૧ ઇંદ્રીયવસ પ-
ડયોરે પાળ્યાં વ્રત નવી સુસે, ત્રણ પણ ન-
વી ગણ્યાંરે હણીયાં થાવર હુંસે; વ્રતચાત
નવી ધર્યાંરે બીજું સાચું ન બોલું, પાપની
ગોઠડીરે તીહાં મેં હઇડલું ખોલ્યું. સાહી-
બ૦ ૨ ચોરી મેં કરી રે ચઉવીય અદત્ત ન
ટાળ્યું, શ્રી જીન આણસુંરે મેં નવી સંજ
મ પાળ્યું; મધુકર તણી પરેરે સુદ્ધ ન આ
હાર ગવેખ્યો, રસના લાલચેરે નીરસ પીંડ
ઉવેખ્યો. સાહીબ૦ ૩ નર ભવ દોહાલોરે

પામી મોહ વસ પડીયો, પરસ્ત્રી દેખીનેરે
મુજ મન તીહાં જઇ અડીયો; કામ ન કો
સર્યોરે પાપે પીંડમેં ભરીયો, શુધ બુધ નવી
રહીરે તેણુ નવી આતમા તરીયો. સાહેબ૦ ૪
લક્ષ્મીની લાલચેરે મેં બહુ દીનતા દાખી,
તોપણ નવી મળીરે મળી તો નવી રહી રાખી;
જે જન અભી લખેરે તે તો તેહથી નાસે,
ત્રણ સમ જે ગણેરે તેહની નીત્ય રહે પાસે.
સાહીબ૦ ૫ ધન ધન તે નરારે એહનો મોહ
વીછોડી, વીષય નીવારીનેરે જેહને ધર્મમાં જો
ડી; અભક્ષ તે મેં ભખ્યાંરે રાત્રી ભોજન
કીધાં, વૃત ૭ નવી પાળીયાંરે જેહવાં મૂળ
થી લીધાં. સાહીબ૦ ૬ એમ અનંત ભવ
હું ભમ્યોરે ભમતાં સાહીબ મળીઓ, તુમ
વિના કુણ દીએરે, બોધ રયણ મુજ બળી-
ઓ, સભવ આપજોરે ચરણ કમળ તુજ સે
વા, નય એમ વીનવેરે સુણજો દેવાધી દેવા.
સાહીબ૦ ૭

---

(૩૮)

શ્રી પાર્શ્વનાથનું સ્તવન.

આવો રે આવો પાસજી મુજ મળીયા રે, મારા મનના મનોરથ ફળીયા; આ૦ એ આંકણી૦ તારી મુરત મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે; તમને મોહી રહ્યા સુર નર નારી. આ૦ ૧ અલબેલી મુરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાઊં વારી રે; નાગ નાગણિની જોડ ઉગારી. આ૦ ૨ ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સૂરલોક કરે છે સેવા રે; હમને આપોને શિવપૂર મેવા. આ૦ ૩ તમે શિવ રમણીના રસિયા રે, જઇ મોક્ષ પુરીમાં વસિયા રે, મારા હૃદય કમળમાં વસિયા. આ૦ ૪ જે કોઇ પાસ તણા ગુણ ગાશે રે, ભવભવનાં તે પાતિક જાશે રે; તેનાં સમકિત નિર્મળ થાશે. આ૦ ૫ પ્રભુ ત્રેવીશમા જિન રાયા રે, માતા વામાદેવીના જાયા રે; હમને દરિશન દોને દયાળા. આ૦ ૬

હું તો લળી લળી લાગુંજ પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે; એમ માણેક વિજય ગુણ ગાય આવો. આવો રે ખાવો. ૭

(૩૯)

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

સિદ્ધારથનારે નંદન વિનવું, વિનતડી અવધાર; ભવ મંડપમાંરે નાટક નાચીયા, હવે મુજ દાન દેવરાવ. સિ૦ ૧ ત્રણ રતન મુજ આપો તાતજી, જીમ નાવેરે સંતાપ; દાન દેઅંતારે પ્રભુ કોશરકેશી, આપો પદ વીજ આપ. સિ૦ ૨ ચરણ અંગુઠેરે મેરૂ કંપાવીયા, માંડયાં સુરીનાંજ માન; અષ્ટ કર મનારે ઝઘડા જીતવા, દીધાં વરશીજ દાન. સિ૦ ૩ સાસન નાયક શીવ સુખદાયક, ત્રીશલા કુખે રત્તન; સિદ્ધારથનારે વંશ દીપાવીયા, પ્રભુજી તુમને ધન ધન. સિ૦ ૪ વાચક શિખરે કીર્ત્તિ વિજય ગુરૂ, પ્રણમું તાસ પસાય; ધરમ તણાએ જૈન ચોવીસમા, વિનય વિજય ગુણ ગાય. સિ૦ ૫

(૪૦)

શ્રી બાહુજીનનું સ્તવન.

સાહેબ બાહુ જીનેશ્વર વીનવું, વીનતડી અવધાર હો; સાહેબ ભવભયથી હું ઉભગ્યો, હવે ભવપાર ઉતાર સા૦ ૧ સાહેબ તુમ સરીખા મુજ શિર છતે, કેમ કરે કર્મજોર હો; સાહેબ ભુજંગ તણા ભય તીહાં નહી, જીહાં વન વિચરે મોર હો. સા૦ ૨ સાહેબ જીહાં રવી તેજે જળહળે, તીહાં કીમ રહે અંધકાર હો; સાહેબ કેશરી જીહાં ક્રીડા કરે, તીહાં નહી ગજનો પ્રચાર હો. સા૦ ૩ સાહેબ તીમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિત સંસાર હો; સાહેબ વચ્છવીજય સુશીમા પુરી, રાય સુગ્રીવ મલ્હાર હો. સા૦ ૪ સાહેબ હરણ લંછન એમ મેં સ્તવ્યો, મોહના રાણીનો કંત હો; સાહેબ વીજયાનંદન મૂજ દીયો, જસ કહે સુખ અનંત હો. સા૦ ૫

સ્તુતિઓ.

બીજની સ્તુતી.

દિન સકળ મનોહર, બીજ દિવશ સુ-
વિશેષ; રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જીહાં
રેખ. તિહાં ચંદ્ર વિમાને, શાશ્વત જિનવર
જેહ; હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ.
૧ અભીનંદન ચંદન, શીતલ શીતલનાથ;
અરનાથ સુમતિજિન, વાસુપૂજ્ય શિવ સાથ.
ઇત્યાદિક જિનવર, જન્મ જ્ઞાન નિરવાણ; હું
બીજતણે દિન, પ્રણમું તે સુવિહાણ. ૨ પર-
કાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત; જેમ વિ
મલા કમલા, વિપુલ નયન વિકસંત. આગ-
મ અતિ અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર;
બીજે સવિ કિજે, પાતિકનો પરિહાર. ૩ ગજ
ગામિની કામિની, કમલ સુકોમલ ચીર;
ક્રેસરી કેશરી, સરસ સુગંધ શરીર. કરજોડી
બીજે, હું પ્રણમું તસ પાય; એમ લબ્ધિવિ-
જય કહે, પૂરો મનોરથ માય. ૪

(૨)

શ્રી પંચમીની સ્તુતિ.

શ્રાવણ શુદિ દિન પંચમીએ, જન્મ્યા નેમજિણંદ તો; શ્યામ વરણ તનું શોભતું એ, મુખ શારદકો ચંદ તો, સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંતતો; અષ્ટકરમ હેલે હણીએ, પોહોતા મુક્તિ મહંત તો. ૧ અષ્ટાપદ આદિ જિન એ; પોહોત્યા મુક્તિ મોઝાર તો; વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો. પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો; સમેત શિખર વીશ સિદ્ધ હુઆ એ, શિર વહું તેહની આણતો. ૨ નેમનાથ જ્ઞાની હુવા એ, ભાખે સાર વચન તો; જીવદયા ગુણ વેલડીએ, કીજે તાસ જતન તો. મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો; અનંત તીર્થંકર એમ કહે એ, પરહરિયે પરનાર તો. ૩ ગોમેદ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબીકા

નામ તો; શાસન સાંનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો. તપગચ્છ નાયક ગુણ ગુણ નિલોએ, શ્રી વિજયસેન સૂરી રાય તો, ઋષભદાસ પાય સેવતાં એ, સફળ કરો અવતાર તો. ૪

(૩)

આઠમની સ્તુતિ.

મંગળ આઠ કરી જસ આગળ, ભાવ ધરી સુરરાજજી; આઠ જાતિના કલશ કરીને; ન્હવરાવે જિનરાજજી. વીર જિનેશ્વર જન્મ મહોત્સવ, કરતાં શિવ સુખ સાધેજી; આઠમનું તપ કરતાં અમ ઘર, મંગલ કમલા વાધેજી. ૧ અષ્ટ કરમ વયરી ગજ ગંજન, અષ્ટાપદ પરે બલીયાજી; આઠમે આઠ સુરૂપ વિચારી, મન આઠે તસ ગલિયાજી. અષ્ટમી ગતિપરે પહોતા જિનવર, ફરસ આઠ નહીં અંગજી; આઠમનું તપ કરતાં અમ ઘર, નિત્ય નિત્ય વાધે રંગજી. ૨ પ્રાતિહાર

જ આઠ બિરાજે, સમવસરણ જિનરાજેજી; આઠડે આઠસો આગળ ભાખી, ભવિ મન સંશય ભાંજેજી. આઠે જે પ્રવચનની માતા, પાળે નિરતિચારેજી. આઠ મને દિન અષ્ટ પ્રકારે, જીવ દયા ચિત્ત ધારેજી. ૩ અષ્ટ પ્રકારી પૂજા કરીને, માનવ ભવફળ લીજેજી; સિદ્ધાઇ દેવી જિનવર સેવી; અષ્ટ મહાસિદ્ધિ દીજેજી. આઠમનું તપ કરતાં લીજે, નિર્મલ કેવલજ્ઞાનજી; ધીર વિમલ કવિ સેવક નય કહે, તપથી કોડ કલ્યાણજી. ૪

(૪)

એકાદશીની સ્તુતિ.

એકાદશી અતિ રૂયડી, ગોવિંદ પુછે નેમ; કોણ કારણ એ પર્વ મહોટું, કહો મુજશું તેમ. જિનવર કલ્યાણક અતિ ઘણાં એકશોને પચાસ; તેણ કારણ એ પર્વ મહોટું; કરો મૌન ઉપવાસ. ૧ અગિયાર શ્રાવક તણી પ્રતિમા, કહે તે જીનવર દેવ; એકાદશી

એમ અભિક સેવા, વન ગજા જિમરેવ. ચો વીસ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ અંગ; જેમ ગંગ નિર્મલ નીર જેહવું, કરો જિનશું રંગ. ૨ અગીયાર અંગ લખાવીયે, અગીયાર પાઠાં સાર; અગીયાર કવલી વિંટ- ણાં, ઠવણી પુજણી સાર. ચાબખી ચંગી વિ વિધ રંગી, શાસ્ત્ર તણે અનુસાર; એકાદસી એમ ઉજવો, જેમ પામિયે ભવપાર. ૩ વર કમલનયણી કમલ વયણી, કમલ સુકોમલ કાય; ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમર તાં સુખ થાય એકાદશી એમ મન વશી, ગણી હર્ષ પંડિત શિષ્ય; શાસન દેવી વીઘન નિવારો, સંઘ તણાં નિશદિન. ૪

(૫)

સિદ્ધચક્રની સ્તુતિ.

અરિહંત નમો વળી સિદ્ધ નમો, આ ચારજ વાચક સાહુ નમો; દર્શન જ્ઞાન ચા રિત્ર નમો તપ, એ સિદ્ધચક્ર સદા પ્રણમો. ૧

અરિહંત અનંત થયા થાશે, વળી ભાવ નિક્ષેપે ગુણ ગાશે; પડિક્કમણું દેવવંદન વિધિશું, આંબિલ તપ ગણણું ગણું વિધિશું. ૨ છરિ પાળી જે તપ કરશે, શ્રીપાલ તણી પેરે ભવ તરશે; સિદ્ધચક્રને કોણ આવે તોલે, એહવા જીન આગમ ગુણ બોલે. ૩ સાડા ચારે વરસે તપ પૂરો, એ કર્મ વિદારણ તપ શૂરો સિદ્ધચક્રને મન મંદિર થાપો, નય વિમલે સરવર આપો. ૪

(૬)

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિ.

સંખેશ્વર પાસજી પુજીએ, નરભવનો લાહો લીજીએ; મનવંછિત પુરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ, ૧ દોય રાતા જીનવર અતિ ભલા, દોય ધોલા જીનવર ગુણ નીલા; દોય લીલા દોય સામલ કહ્યા, સોળે જીન કંચન વર્ણ લહ્યા. ૨ આગમ તે જીનવરે ભાખિઓ, ગણધર તે હઇડે રાખીઓ; તેહનો

રસ જેણે ચાખીઓ, તે હુવો શિવ સુખ સાખીઓ. ૩ ધરણીધર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી; સહુ સંઘનાં સંકટ ચુરતી, નય વિમલનાં વંછીત પૂરતી. ૪

(૭)

પજુષણની થોયો.

સત્તરભેદી જીન પુજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી, ઢોલ દદામા ભેરીને ફેરી, ઝાલરી નાદ સુણીજેજી; વિરજીન આગળ ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજેજી, પરવ પજુષણ પુરવ પુણ્યે, આવ્યાં એમ જાણીજેજી. ૧ માસ પાસ વળી દસમ દુવાદસ, ચત્તારી આઠ કીજેજી, ઉપર વળી દસ દોય કરીને, જીન ચોવીસે પુજેજી; વડા કલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી, પડવેને દિન જન્મ મહોચ્છવ, ધવળ મંગળ વરતીજેજી. ૨ આઠ દીવસ લગે અમર પળાવી, અઠમનો તપ કીજેજી, નાગકેતુની પેરે કેવળ

લહીએ, જો શુભ ભાવે રહીએજી; તેલાધર દીન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી. પાસ નેમીસર અંતર ત્રીજે, રીખભ ચરીત્ર સુણીજેજી. ૩ બારસેં સુત્રને સમાચારી, સંવછરી પડીકમીએજી, ચૈત્ર પ્રવાડી વીધિસ્યું કીજે, સકળ જંતુને ખામીએજી; પારણાને દીન સ્વામી વચ્છળ ,કીજે અધીક વડાઇજી. માન વીજય કહે સકળ મનોરથ, પૂરે શ્રી દેવી સીધાઇજી. ૪

(૮)

શેત્રુંજાની થોયો.

૧

શ્રી સેત્રુંજો તિરથ સાર, ગિરીવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકોર રામા અપાર; મંત્ર માંહી નવકારજ જાણું, તારામાં જેમ ચંદ્ર વખાણું, જળધર જળમાં જાણું; પંખીમાં જેમ ઉત્તમ હંશ, કુળ માંહી જેમ રિખવનો વંશ, નાભિ તણો એ અંશ; ક્ષમાવંતમાં

શ્રી અરિહંત, તપશુરામાં મહા મુનિવંત; શે ત્રુંજે ગયા ગુણવંત.

૨

પુંડરગિરી મહિમા, આગમમાં પ્રસિદ્ધ, વિમલાચળ ભેટી, લહીયે અવિચળ રિદ્ધ. પંચમ ગતી પોહોંચ્યા મુનિવર કોડા કોડ; એણે તિરથે આવી, કર્મ વિપાતક છોડ.

(૯)

શ્રી સીમંધરસ્વામીની સ્તુતિ.

૧

શ્રી સીમંધર જીનવર, સુખકર સાહેબ દેવ; અરિહંત સકળની, ભાવ ધરી કરૂ સેવ; સકળ આગમ પારક, ગણધર ભાખીત વાણી; જયવંતી આણા, જ્ઞાનવિમળ ગુણ ખાણી.

૨

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી; રૂપાનું ત્યાં છત્ર બિરાજે, રત્નમણિમાં દિવા ઝ્યારજી. ૧ કુમકુમ વરણી ત્યાં ઘુમરી બિરાજે, મોતીના અક્ષર

સારજી; ત્યાં બેઠા શ્રી સીમંધર સ્વામી, બો
લે મધુરી વાણીજી. કેસર ચંદન ભર્યાં કચો
ળાં, કસતુરી બરાસોજી; પેહિલી પુજા અમા
રી હોજો ઉગમતે પ્રભાતેજી. ૩

(૧૦)

આદિશ્વર જીનની સ્તુતિ.

આદિ જીનવર રાયા, જાસ સોવન્ન કા
યા; મરૂદેવી માયા, ધોરી લંછન પાયા, જગ
તસ્થિતિ નિપાયા શુદ્ધ ચારિત્ર પાયા, કેવલ
સિરિરાયા, મોક્ષ નગરે સધાયા, ૧ સવિજન
સુખકારિ, મોહ મિથ્યા નિવારી, દુરગતિ
દુઃખ ભારી, શોક સંતાપ વારી, શ્રેણીક ક્ષપ
ક સુધારી, કેવલાનંત ધારી, નમીએ નરના
રી, જેહ વિશ્વોપકારી. ૨ સમવસરણ બેઠા,
લાગે જે જીન મીઠા, કરે ગણપ પઇઠ્ઠા, ઇંદ્ર
ચંદ્રાદિ દીઠા, દ્વાદશાંગી વરિઠ્ઠા, ગુંથતા ટા
લે રિઠ્ઠા, ભવિજન હોય હિઠ્ઠા, દેખી પુણ્યે
ગરિઠ્ઠા. ૩ સુર સમકિતવંતા, જેહ રિધ્ધે મ

હંતા, જેહ સુજન સંતા, ટાળિયે મુજ ચિં-
તા, જિનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા, જિ
ન ઉત્તમ થુણંતા, પદ્મને સુખદિંતા. ૪

(૧૧)

શ્રી અજીતનાથની સ્તુતી.

વિજયા સુત વંદો, તેજથી જ્યું વિણું
દો; શીતલ તાયે ચંદો, ધીરતાયે ગિરિંદો,
મુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરિંદો, લ
હો પરમાનંદો, સેવના સુખ કંદો. ૧

(૧૨)

શ્રી સંભવનાથની સ્તુતી.

શ્રી સંભવ સુખદાતા, જેહ જગમાં વિ
ખ્યાતા; ષટ જીવોના ત્રાતા, આપતા સુખ
શાતા; માતાને ભ્રાતા, કેવલ જ્ઞાન જ્ઞાતા;
દુઃખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા. ૧

(૧૩)

શ્રી અભિનંદનની સ્તુતી.

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો;

થયો હીરો જાચો, મોહનો દઈ તમાચો; પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાને રાચો; જીન પદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નીકાચો. ૧

(૧૪)

શ્રી સુમતિનાથની સ્તુતી.

સુમતિ સુમતિ દાઇ, મંગલા જાસ માઇ; મેરૂને રાઇ, ઉર એહને તુલાઇ; ક્ષય કીધાં ઘાઇ, કેવળજ્ઞાન પાઇ; નહિ ઉણીમ કાંઇ, સેવીયે સદાઇ.

(૧૫)

શ્રી પદ્મપ્રભુની સ્તુતી.

અઢીશે ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા; સુસીમાજસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા; કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા. ૧

(૧૬)

શ્રી સુપાર્શ્વનાથની સ્તુતી.

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રા

ણી; હૃદયે પહોચાણી, તે તરયા ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી; ષટ દ્રવ્યશ્યું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી. ૧

(૧૭)

શ્રી ચંદ્રપ્રભુની સ્તુતી.

ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, સખિ જોવા જ ઇએ, દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મલતા થઇએ; વાણી સુધારસ વેલડી, સુણીયે તત ખેવ; ભજે ભ્રહંત ભૃકુટિકા, વીરવીજય તે દેવ. ૧

(૧૮)

શ્રી સુવિધિનાથની સ્તુતી.

સુવિધિ સેવા કરતાં દેવા, તજિ વિષય વાસના; શિવ સુખ દાતા ધ્યાતા ત્રાતા, હરે દુઃખ દાસના; નય ગમ ભંગે રંગે ચંગે વા ણી ભવ હારિકા; અમર અજિતા મોહાતિ તા, વીરંચ સુતારિકા. ૧

(૧૯)

શ્રી શિતળનાથની સ્તુતી.

શીતળ જિન સ્વામી, પુન્યથી સેવ પામી; પ્રભુ આતમરામી, સર્વપર ભાવ વામી; જે શિવગતિ ગામિ, શાશ્વતાનંદ ધામી; ભવી; શિવ સુખ કામી, પ્રણમિએ શીશ નામી. ૧

(૨૦)

શ્રી શ્રેયાંસનાથની સ્તુતી.

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત; સુર પતિ સંઘાત, જસ નિકટે આયાત; કરી કર્મનો ઘાત, પામિયા મોક્ષ શાત. ૧

(૨૧)

શ્રી વાસુપુજ્યની સ્તુતિ.

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી; ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી; તાર્યાં નર નારી, દુઃખ દોહગ્ગ હારી; વાસુપૂજ્ય નિહારી, જાઉં હું નિત્ય વારી. ૧

(૨૨)

શ્રી વિમળનાથની સ્તુતી.

વિમળજિન જુહારો, પાપ સંતાપ વારો; શ્યામાબ મલ્હારો, વિશ્વ કીર્તી વિફારો; યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો; ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો. ૧

(૨૩)

શ્રી અનંતનાથની સ્તુતી.

અનંત અનંત નાણી, જાસ મહીમા ગવાણી; સુરનર તિરિ પ્રાણી, સાંભલે જાસ વાણી; એક વચન સમઝાણી, જેહ સ્યાદ્વાદ જાણી; તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી. ૧

(૨૪)

શ્રી ધર્મનાથની સ્તુતી.

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી; કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી; દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી; નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી. ૧

(૨૫)

શ્રી શાંતિનાથની સ્તુતી.

વંદો જિન શાંતિ, જાસ સાવન કાંતિ; ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ; દ્રવ્ય ભાવ અરિ પાંતિ, નાસ કરતા નિકાંતી, ધરતા મન ખાંતિ, શાક સંતાપ વાંતિ. ૧ હાય જિનવર નીલા, હાય ધોલા સુશીલા; હાય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા; ન કરે કોઈ હીલા, હાય શામા સલીલા; સોલ સ્વામીજી પીલા, આપ જ્યો મોક્ષ લીલા. ૨ જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી; સુત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી: અર્થે ગુંથાણી, દેવ માનુષ્ય પ્રાણી; પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ૩ વાગેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી, જિનવર પાય સેવી, સાર શ્રદ્ધા વરેવી; જે નિત્ય સમરેવી, દુઃખ તેહના હરેવી; પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ૪

(૩૬)

શ્રી કુંથુનાથની સ્તુતી.

કુંથુજિન નાથ, જે કરેછે સનાથ; તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ. એહનો ત જે સાથ, બાવલે દિયે બાથ; તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ. ૧

(૩૭)

શ્રી અરનાથની સ્તુતી.

અર જિનવર રાયા, જેહની દેવી માયા; સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદા વર્ત પાયા, દેશના શુદ્ધ દાયા; સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા. ૧

(૩૮)

શ્રી મલ્લિનાથની સ્તુતી.

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીયે; ઇંદ્રિય ગણ દમીએ, આણ જિનની ન ક્રમીએ; ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ; નિજ ગુણમાં રમીએ, કર્મ મલ સર્વ ધમીએ. ૧

(૩૯)

શ્રી મુનિસુવૃતની સ્તુતી.

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે;
સવિ સંપત્તિ પામે, સ્વર્ગના સુખ જામે; દુ
ર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે; સવિ
કર્મ વિરામે, જઇ વસે સિદ્ધ ધામે. ૧

(૪૦)

શ્રી નમીનાથની સ્તુતી.

નમીએ નમિ તેહ, પુન્ય થાયે જ્યું દે
હ; અઘ સમુદય જેહ, તે રહે નાંહિ રેહ; લ
હે કેવળ તેહ, સેવના કાર્ય એહ; લહે શિવ
પુર ગેહ, કર્મનો આણી છેહ. ૧

(૪૧)

શ્રી નેમિનાથની સ્તુતી.

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી;
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી, પશુઆં
ઉગારી, હુઆ ચારિત્ર ધારી; કેવલ શ્રી સા
રી, પામિયા ઘાતિવારી. ૧ ત્રણ જ્ઞાન સંજુ

ત્તા, માતની કુખે હુંતા; જનમે પરહુંતા, આવી શેવા કરંતા; અનુક્રમે વ્રત કરંતા, પંચ સુમતિ ધરંતા; મહિયલ વિચરંતા, કેવલ શ્રી વરંતા. સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે; ત્રિગડું સોહાવે, દેવ છંદો બનાવે; સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે; તિહાં જિનવર આવે, તત્વ વાણી સુણાવે. ૩ શાસન સુરી સારી, અંબીકા નામ ધારી; જે સમકિત નરનારી, પાપ સંતાપ વારી; પ્રભુ સેવાકારી, જાપ જપિયે સવારી; સંઘ દુરિત નિવારી, પદ્મને જેહ પ્યારી.

(૪૨)

શ્રી પાર્શ્વનાથની સ્તુતી.

શ્રી પાસજિણંદા, મુખ પૂનમ ચંદા; પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા; લંછન નાગીંદા, જાસ પાયે સોહંદા; સેવા ગુણી વૃંદા, જેહથી સુખ કંદા. ૧ જનમથી વર ચાર, કર્મ નાસે ઇગ્યાર; ઓગણીસ નિરધાર, દેવ

કીધા ઉદ્ધાર; સવિ ચોત્રીશવાર, પુન્યના એ પ્રકાર; નમિયે નરનાર, જેમ સંસાર પાર. ૨ એકાદશ અંગા, તિમ બારે ઉવંગા; ષટછેદ સુચંગા, મૂલ ચારે સુરંગા; દશ પયન્ના સુસંગા, સાંભલો થઈ એકંગા; અનુયોગ બહુ ભંગા, નંદી સુત્ર પ્રસંગા. ૩ પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો; અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો; સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો; કહે પદ્મ નિકાસો, વિઘ્નનાં વૃંદ પાસો. ૪

(૪૩)

શ્રી મહાવીરસ્વામીની સ્તુતી.

મહાવીર જિણંદા, રાય સિદ્ધારથ નંદા; લંછન મૃગઇંદા, જાસ પાયે સોહંદા; સુર નરવરઇંદા, નિત્ય સેવા કરંદા; ટાલે ભવ ફંદા સુખ આપે અમંદા. ૧ અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા; અડ જિનની ખ્યાતા; સ્વર્ગ ત્રીજે આખ્યાતા; અડ જિન

૫ જનેતા, નાક માહેંદ્ર યાતા; સવિ જિનવર નેતા, શાશ્વતા સુખદાતા. ૨ મલ્લિ નેમિ પાસ, આદિ અઠ્ઠમ ખાસ; કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ; શેષ છઠ્ઠ સુવિલાસ, કેવલ જ્ઞાન જાસ; કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ. ૩ જિનવર જગદીશ; નહિં રાગને રીસ, નામિયે તાસ શિશ; માતંગ સુર ઇશ, સેવતો રાત દીશ; ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશીશ. ૪

(૪૪)

શ્રી શાશ્વતા જિનની સ્તુતી.

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારીષેણ દુઃખ વારેજી; વર્દ્ધમાન જિનવર વલી પ્રણમો, શાશ્વત નામ એ ચ્યારેજી; ભરતાદિક ક્ષેત્રે મિલિ હોવે, ચ્ગાર નામ ચિત્ત ધારેજી; તિણે ચ્યારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારેજી. ૧ ઉર્દ્ધ અધો ત્રિચ્છા લોકે થઇ, કોડી પન્નરસે જાણોજી; ઉપર કોડી બેંતાલી

શા પ્રણમો, અડવન લખમન આણોજી; છત્રી શા સહુસ એંશી તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી; અસંખ્યાત વ્યંતર જ્યોતિષિમાં પ્રણમું તે સુવિહાણોજી. ૨ રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખીજી; જંબુદ્વીપપન્નતિ ઠાણાંગે, વિવરિને ઘણું દાખીજી; વલિય અશાશ્વતિ જ્ઞાતા કલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી; તે જિન પ્રતિમા લોપે પાપી, જિહાં બહુ સૂત્ર છે શાખીજી. ૩ એ જિન પૂજાથી આરાધક, ઈશાન ઈંદ્ર કહાયાજી; જિમ સૂરિયાભ પ્રમુખ સુરવર, દેવી તણા સમુદાયાજી; નંદીસર અઠાઇ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયાજી; જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયાજી. ૪

सज्झायो.

આઠમની સઝાય.

મદ આઠ મહા મુની વારીયે, જે દુર ગતી ના દાતારેરારે, શ્રી વીર જીનેશ્વર ઉપદીસે, ભાખે સોહમ ગુણ ધારેરે. મદ૦ ૧ હાંજી જાતનો મદ પેહેલો કહ્યો, પૂરવે હરી કેશીએ કીધોરે; ચંડાળ તણે કુળ ઉપન્યો, તપતેસવી કારજ સીધોરે. મદ૦ ૨ હાંજી કુળમદ બીજો દાખીયો, મરીચીય ભવે કીધો પ્રાણીરે; કોડા કોડી સાગર ભવમાં ભમ્યો, મદ મકરો એમ મન જાણીરે. મદ૦ ૩ હાંજી બળ મદથી દુઃખ પામીયા, શેણીક વસુ ભુતી જીવોરે; જઇ ભોગવ્યાં દુઃખ નરક તણાં મુખ પાડતા નીતરીબોરે. મદ૦ ૪ હાંજી સનત કુમાર નરેસરૂ, સુર આગળ રૂપ વખાણ્યુંરે; રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ઠાણુંરે. ૫ હાંજી મુનીવર સંજમ પાળતા, ત

પનો મદ મનમાંહી આવ્યોરે; થયા કુર ગ
રૂડ રીખી રાજીઆ, પામીયા તપનો અંતરા
યરે. મદ૦ ૬ હાંજી દેશ દેશાટણનો ધણી. રા
ય દેશાર્ણભદ્ર અભીમાનીરે; ઈંદ્રની રીધી દે
ખી બુજીઓ, સંસાર તજી થયો જ્ઞાનીરે. મ
દ૦ ૭ હાંજી શુલીભદ્રે વિધાનો કર્યો, મદ
સાતમો જે દુઃખ દાઈરે; સુત્રન પુરાણ અર્થ
ન પામીઆ, જુઓ માન તણી અધિકાર્રે.
મદ૦ ૮ રાય સંભૂમ ખટખંડનો ધણી, લોભ
નો મદ કીધો અપારરે; હય ગય રથ સવી
સાયર ગયું, ગયો સાતમી નરક મોઝારરે.
મદ૦ ૯ ઈમ તન ધન જોબન રાજનો, મ કુ
રે મનમાંહી અહંકારરે; એક અથીર અસ
ત્ય સવી કારમું, વીણસે ખીણમેં બહુ વા
રરે. મદ૦ ૧૦ મદ આઠ નીવારો વ્રત પા.
ળી, પાળો સંજમ સુખકારીરે; કહે માન
વીજય તે પામસે, અવીચળ પદવી નરનારી
રે, મદ૦ ૧૧

૨

પરસ્ત્રીત્યાગની સઝાય.

જીવ વારૂ છુ મારા વાલમાં, પરનારીની પ્રીતમ જોડ; પરનારીની સંગત નહીં ભલી. તારા કુળમાં લાગશે ખોડ. જીવ૦ ૧ જીવ આ સંસાર છે કારમો, દીસે છે આલ પંપાલ; જીવ એહવું જાણીને ચેતજો, આગળ માછીડે નાંખી છે જાલ. જીવ૦ ૨ જીવ માત પીતા ભાઇ બેનડી, સહુ કુટુંબ તણો પરિવાર; જીવ વેતી વારે સહુ સગું, પછે લાંબા કીધા જુહાર. જીવ૦ ૩ દેહેલી લગે સગા આંગણે, શેરીઅ લગે સગીમાય; જીવ સીમ લગે સાજન ભલા, પછે હંસ એકીલો જાય. જીવ૦ ૪ જીવ જાતાં થકાં નવી જાણીયું, નહી જાણ્યો વારકુવાર; જીવ ગાડું ભરીયું ઇંધણે, વળી ખોખરી હાંડલી સાર. જીવ૦ ૫ જીવ આતમ પાખીન ઓળખી, જીવ બહુલાં કીધાં પાપ; જીવ સુમતી વિજય મુની એમ ભણે, જીવ આવાગમણ નીવાર. જીવ૦ ૬

૩

રાત્રીભોજનની સઝાય.

પુણ્ય સંજોગે નરભવ લાધો, સાધો આતમ કાજ; વિષયારસ જાણો વિષ સરિખો, એમ ભાખે જીનરાજને પ્રાણી રાત્રી ભોજન વારો. આગમ વાણી સાચી જાણી, સમકિત ગુણ સાહી નાણીરે. પ્રાણી૦ ૧ અભક્ષ્ય બાવીસમા રયણીભોજન, દોષ કહ્યા પરધાન; તેણે કારણ રાતે મત જમજો, જો હુવે હુયડે સાનરે. પ્રાણી૦ ૩ દાન સ્નાન આયુધ ને ભોજન, એટલાં રાતે ન કીજે; એ કરવાં સુરજની સાખે, નીતી વચન સમજીજેરે. પ્રાણી૦ ૩ ઉત્તમ પશુપંખી પણ રાતે, ટાળે ભોજન ટાણો; તુમે તો માનવી નામ ધરાવો, કેમ સંતોષ ન આણોરે. પ્રાણી૦ ૪ માખી જૂ કીડી કોળીઆવડો, ભોજનમાં જો આવે; કોઢ જલોદર વમન વિકળતા, એવા રોગ ઉપાવેરે. પ્રાણી૦ ૫ જન્તુ બહુ જીવ હત્યા ક

રતાં, પાતક જેહ ઉપાવ્યું; એક તળાવ ફોડ
ના તેટલું, કુપણ સુગુરૂ બતાવ્યું રે. પ્રાણી૦
૬ એકસોતેર ભવ સર ફોડયા સમ, એક દ
વ દેતાં પાપ; અઠલોત્તર ભવ દવ દીધા જે
મ, એક કુવણિજ સંતાપરે. પ્રાણી૦ ૭ એક
ચુમાળીસ ભવ લગે કીધાં, કુવણિજના જે
દોષ; કુડું એક કલંક દિયંતાં તેહવો પાપનો
પોષરે. પ્રાણી૦ ૮ એકસો એકાવન ભવ લ
ગે કીધાં, કૂડાં કલંક અપાર; તેણું રે એક શી
યળ ખંડયામાં, દોષ દોષ કહ્યા નીરધારરે.
પ્રાણી૦ ૯ એકસો નવાણું ભવ લગે ખંડયા,
શીયળ વિષય સંબંધ; તેહવો એક રાત્રી જ
મવામાં, કર્મ નિકાચિત બંધરે. પ્રાણી૦ ૧૦
રાત્રી ભોજનમાં દોષ ઘણા છે, કહેતાં ન આ
વે પાર; કેવળી કહેતાં પાર ન આવે, પૂરવ
કોડી મોઝારરે. પ્રાણી૦ ૧૧ એવું જાણીને ઉ
ત્તમ પ્રાણી, નિત ચોવિહાર કરીજે; માસે મા
સે પાસ ખમણનો, લાભ એણ વિધે લીજે

રે. ૧૨ મુની વસતાની એહ શીખામણ, જે જાણે નરનારી; સુરનર સુખ વિલસીને હોવે, મોક્ષ તણા અધિકારીરે. પ્રાણી૦ ૧૩

આરતી.

જે જે આરતી આદી જીનંદા, નાભી રાયા મારૂદેવીકો નંદા. જે જે૦ નાભી૦ પહેલી આરતી પુજા કીજે; નરભવ પામીને લાહાવો લીજે. જે જે૦ નાભી૦ દુસરી આરતી દીન દયાળુ; ધુવળ મંડપમાં જગ અજવાળ્યાં. જે જે૦ નાભી૦ તીસરી આરતી ત્રીભોવન દેવા; સુરીનર ઇંદ્ર કરે તોરી સેવા. જે જે૦ નાભી૦ ચોથી આરતી ચઉ દશ સુરે; મન વંછીત ફળ શીવસુખ પુરે. જે જે૦ નાભી૦ પંચમી આરતી પુન્ય ઉપાયા; મુળચંદજી રીખવ ગુણ ગાયા. જે જે૦ નાભી૦

મંગળદીવો.

દીવોરે દીવો મંગળીક દીવો, આરતી ઉતારીને બહુ ચિરંજીવો. શોહામણો ઘર પ

રવ દીવાળી, અમર બેસે અબળા નારી; દી પાળ ભણું એને કળ અજુવાળી, ભાવે ભ ક્તે વદન નીહાળી, દીપાળ ભણું જેણે એ કળીકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે; તમ ઘર મંગળીક અમ ઘર મંગળીક, મંગ ળીક ચતુરવીધ સંઘને હોજો; દીવારે દીવો મં ગળીક દીવો, આરતી ઉતારણ બહુ ચિરંજીવો.

ઓચ્છવ.

ઓછવ રંગ વધામણાં પ્રભુ પાસને ના મે; કલ્યાણક ઓછવ કીયો, ચડતે પરીણામે. ઓછવ૦ ૧ સતવરસાયુ જીવીને, અક્ષય સુખ સ્વામી; તુમ પાદ સેવા ભક્તિમાં, નવી રા ખું ખામી. ઓછવ૦ ૨ સાચી ભગતે સાહી બા, રીઝો એક વેળા; શ્રી શુભવીર હોએ શદા, મન વંછીત મેળા. ઓછવ૦ ૩

અગાઉથી આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોનાં નામ.

અમદાવાદ.

૨૫ ઝવેરી લલુભાઇ રાયચંદ
૨૫ શ્રી આંબલી પોળના અપાસરે હા. હીરાચંદ સજાનજી
૧૫ શા. છોટાલાલ ઠે. લુણસાવાડે
૧૦ શેઠ વિમલભાઈ લલુભાઇ
૧૦ ઝવેરી બાપાલાલ નહાલચંદ
૧૦ શા. મણીલાલ સુરચંદ
૧૦ શા. ચીમનલાલ પોપટલાલ
૧૦ શા. મંગાભાઇ હરીલાલ હઠીસંગ
૧૦ શા. તરભોવનદાસ સવચંદ
૧૦ શા. કસ્તુરભાઇ સવચંદ
૧૦ શા. મણીલાલ ડાહ્યાભાઇ
૧૦ શા. મણીલાલ હઠીસંગ
૭ ચોકસી કીલાભાઈ ઉજમસી
૬ ઝવેરી જગાભાઈ લલુભાઇ

૫ શા. સાંકળચંદ ત્રભોવનદાસ
૫ શા. મહાસુખરામ કસ્તુરચંદ
૫ શા. જેસંગભાઈ મનસુખરામ
૫ શા. ફતેહચંદ પ્રેમચંદ
૫ શા. મોતીલાલ અચરતલાલ
૫ શા. મોહનલાલ અમથાશા
૫ શા. જેઠાલાલ હીરાચંદ
૫ શા. જીવાભાઇ પીતાંબરદાસ
૫ શા. નથ્થુભાઇ મગનલાલ
૫ સા. શકરાભાઇ કચરાભાઇ
૫ બંગડીવાળા બાલાભાઇ લલુભાઈ
૫ શા. ભોગીલાલ છગનલાલ
૫ શા. મહાસુખરામ કાલીદાસ
૫ શા. ચકાભાઇ મહાસુખરામ
૫ શા. ચીમનલાલ ડાહ્યાભાઈ
૫ શા. છોટાલાલ કેવળદાસ
૫ શા. મગનલાલ છોટાલાલ
૫ શા. બાલાભાઈ સાંકળચંદ
૫ શા. ચુનીલાલ સાંકળચંદ

૪ શા. ચીમનલાલ મહાસુખરામ
૪ શા. મનસુખરામ હઠીસંગ
૪ ઝવેરી ભોલાભાઈ બાપાલાલ
૪ શા. ચંદુલાલ છગનલાલ
૩ શા. બાલાભાઈ ગલાબચંદ
૨ શા. હીરાલાલ છગનલાલ
૨ શા. જેસંગભાઈ હેમચંદ
૨ શા. મણીલાલ ચુનીલાલ
૨ શા. પુંજાભાઈ હીરાચંદ
૨ શા. હઠીસંગ મગનલાલ
૨ ઝવેરી મણીલાલ છગનલાલ
૨ શા. મણીલાલ બાલાભાઈ
૨ શા. પ્રેમચંદ નહાલચંદ
૨ ઝવેરી ડાહ્યાભાઈ દલસુખ
૨ શા. ભોગીલાલ હીરાચંદ
૨ શા. વલ્લભરામ કાળીદાસ
૧ શા. મૂળચંદ જીવાજી
૧ શા. ચુનીલાલ મગનલાલ
૧ શા. જમનાદાસ કપુરચંદ

૧ શા. હઠીસંઘ ચકુભાઇ
૧ શા. છોટાલાલ ચુનીલાલ
૧ શા. ચમનલાલ પ્રેમચંદ
૧ શા. અમરતલાલ છગનલાલ
૧ શા. પોપટલાલ રતનચંદ
૧ શા. મંગાભાઈ નગીનદાસ
૧ શા. નાથાલાલ લલુભાઇ
૧ શા. ભગુભાઇ નેમચંદ
૧ શા. શકરાભાઇ દલસુખ
૧ શા. નાહાલચંદ રવચંદ
૧ શા. જેસંગભાઈ સારાભાઈ
૧ શા. ચંદુલાલ ડાહ્યાભાઇ.
૧ શા. જેસંગભાઈ જગજીવનદાસ
૧ શા. ચુનીલાલ મગનલાલ
૧ શા. ત્રીકમલાલ મગનલાલ
૧ શા. વાડીલાલ લલુભાઈ
૧ શા. ચંદુલાલ છગનલાલ
૧ શા. બાલાભાઇ કચરાભાઈ
૧ શા. મગનલાલ સાંકળચંદ

૧ શા. ભોગાભાઈ ચુનીલાલ
૧ શા. કેસવલાલ મગનલાલ
૧ શા. પુંજાભાઈ નગીનદાસ
૧ શા. નાથાધાલ મોતીચંદ
૧ શા. ભીકમલાલ છોટાલાલ
૧ શા. સાંકાભાઈ કાળીદાસ
૧ શા. ભગુભાઇ વાડીલાલ
૧ શા. સોમાભાઇ ડાહ્યાભાઇ
૧ શા. ફતેચંદ માહાસુખરામ
૧ ઝવેરી નેમચંદ અમીચંદ
૧ શા. મગનલાલ રાયચંદ
૧ શા. કચરાભાઈ દીપચંદ
૧ શા. સોમાભાઈ હીરાચંદ
૧ શા. ચુનીલાલ કરમચંદ
૧ શા. મણીલાલ વાડીલાલ
૧ શા. સોમાભાઇ છોટાલાલ
૧ શા. કેશવલાલ ઘેલાભાઇ
૧ શા. મણીલાલ મોકમચંદ

૧ શા. ડાહ્યાભાઇ હરીલાલ
૧ શા. હઠીસંઘ જેચંદ
૧ શા. ચમનલાલ મોહોકમચંદ
૧ શા. મણીલાલ છગનલાલ
૨ શા. મણીલાલ સાંકળચંદ

ખંભાત.

૧૦ શા. બાપુલાલ છોટાલાલ
૫ શેઠ ઠાકરશીભાઇ હીરાચંદ
૧ ગાંધી લલુભાઈ દયાભાઈ
૧ શા. અંબુભાઇ વીરચંદ
૧ શા. મુળચંદ હીરાભાઈ
૧ શા. ભોગીલાલ ડાહ્યાભાઈ
૧ શા. નગીનદાસ મગનલાલ

સાણંદ.

૫ મહેતા ભુરાભાઇ જેઠાભાઈ
૫ શા. વાડીલાલ ત્રીકમલાલ
૫ ગાંધી મુળચંદ જસરાજ

બેરાણું.

૬ શા. પુનમચંદ તુળજાંદાસ

જેતલપુર.

૫ શા. ગીરધરભાઈ પીતાંબરદાસ
૨ શા. પ્રેમચંદ વર્ધમાન

બારેજા.

૧ શા. ભગુભાઈ ઝવેરદાસ

રાધનપુર.

૨ શા. દલસુખભાઇ સરૂપચંદ
૧ કોઠારી ત્રીકમલાલ સોભાગચંદ
૧ શા. નાગરભાઇ બાદરદાસ

લાલી.

૫ શા. દીપચંદભાઈ જેસંગભાઇ

બદરખા.

૧૦ શ્રી સભા તરફથી. હા. વાડીલાલ છગનલાલ.

કટોસણ.

૧ શા. લાડકાભાઇ જેસંગભાઈ

ગોધરા.

૫ મહાસુખરામ મનસુખભાઇ